RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૮    મંગળવાર, તા.૧૬-૦૪-૨૦૨૪    અંક : ૨૫૭ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# મારું લક્ષ 2024 નહીં પરંતુ 2047 : નરેન્દ્ર મોદી

## એક રાષ્ટ્ર, એક ચૂંટણી અમારી પ્રતિબદ્ધતા છે

નવીદિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે મારું ટાર્ગેટ ૨૦૨૪ નહીં પરંતુ ૨૦૪૭ છે. સ્પીડ અને સ્કીલ વધારવી પડશે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ સરકારનું મોડલ જુઓ અને ભાજપ સરકારનું મોડલ જુઓ. કોંગ્રેસનું ૫-૬ દાયકાનું કામ અને ભાજપનું માત્ર ૧૦ વર્ષનું કામ જુઓ જેમાં પણ કોઈપણ ક્ષેત્રમાં સરખામણી કરો. જેમાં પણ આપણે બે વર્ષ સુધી કોવિડ સામે લડ્યા છતાં કામની સ્પીડ કહો અને



સ્કેલ કહો.

ડીએમકેની તાજેતરની સનાતન વિરોધી ટિપ્પણી અને તેમના પર લોકોના ગુસ્સા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસને પૂછવું જોઈએ કે સનાતન વિરુદ્ધ આટલું ઝેર ફૂંકનારા લોકો સાથે બેસવાની તેમની શું મજબૂરી છે? પ્રધનમંત્રી નરેન્દ્ર મોદીએ સનાતન મુદ્દે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે, કોંગ્રેસની માનસિકતામાં કેવા પ્રકારની વિકૃતિ છે.

વન નેશન વન ઈલેક્શન પર વડાપ્રધાન મોદીએ કહ્યું કે, એક રાષ્ટ્ર, એક ચૂંટણી અમારી પ્રતિબદ્ધતા છે.

## બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ આજે સુપ્રીમમા

### આજે આ માફી પર બંને પક્ષો પોતાની દલીલો રજૂ કરશે

નવીદિલ્હી,
બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ આજે સુપ્રીમ કોર્ટમાં હાજર થઈ રહ્યા છે. પતંજલિ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ભ્રામક જાહેરાતની ફરિયાદ પર સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. છેલ્લી સુનાવણી ૧૦ એપ્રિલે થઈ હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે બાબા રામદેવની માફી ફગાવી દીધી હતી. આજે આ માફી પર બંને પક્ષો પોતાની દલીલો રજૂ કરશે. આ પછી સુપ્રીમ કોર્ટ નક્કી કરશે કે બાબા રામદેવને માફ કરવામાં આવે કે સજા.છેલ્લી સુનાવણી જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનતુલ્લાહની ખંડપીઠે હાથ ધરી હતી. પતંજલિ વતી એડવોકેટ વિપિન સાંઘી અને મુકુલ રોહતગી હાજર રહ્યા હતા. બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ પણ સુપ્રીમ કોર્ટમાં આવ્યા હતા.

## પુરુષોત્તમ રૂપાલાએ જાગનાથ મંદિરે શીશ ઝુકાવ્યું, રેલીમાં હજારો કાર્યકરો જોડાયા





તસવીર : દિલિપ ગોહેલ

પુરુષોત્તમ રૂપાલા યાજ્ઞિક રોડ પરના જાગનાથ મંદિરે ભગવાન શંકર સમક્ષ શીશ ઝુકાવી રેલી સ્વરૂપે બહુમાળી ભવનચોક ખાતે જવા રવાના થયા હતા. તેમના સમર્થનમાં હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી છે, રૂપાલા સભાને સંબોધવાના છે. પુરુષોત્તમ રૂપાલાની સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ભરત બોઘરા સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત છે.

## ઓડિશામાં બ્રિજ ઉપરથી બસ ખાબકતા ૫નાં મોત: ૪૦ ઘાયલ

### બસમાં ૫૦ મુસાફરો સવાર હતા, કોલકાતા જતી વખતે જાજપુરમાં સર્જાયો અકસ્માત

જાજપુર,
ઓડિશાના જાજપુર જિલ્લામાં ગઈરાત્રે અકસ્માત સર્જાયો હતો. કોલકાતા જતી બસ પુલ પરથી નીચે ખાબકી હતી. આ અકસ્માતમાં એક મહિલા સહિત પાંચ લોકોના મોત થયા હતા અને ૪૦ ઘાયલ થયા હતા.



પોલીસના જણાવ્યા અનુસાર, નેશનલ હાઈવે-૧૬ પર બારાબતી પુલ પર રાત્રે ૯ વાગ્યે આ અકસ્માત થયો હતો.

## ઈઝરાયેલ ચોક્કસપણે બદલો લેશે

### વોર કેબિનેટની બે વખત બેઠક મળી : હુમલો ન કરે - વિશ્વ નેતાઓની સલાહ

તેલઅવીવ,
ઈરાને ૧૩ એપ્રિલે મોડી રાત્રે ઈઝરાયેલ પર ૩૦૦ મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કરીને સીરિયામાં તેમના દૂતાવાસ પર થયેલા હુમલાનો બદલો લીધો હતો. ત્યારથી ઈઝરાયેલના જવાબની રાહ જોવાઈ રહી છે. સોમવારે ઈઝરાયેલમાં વોર કેબિનેટની બે વખત બેઠક મળી હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ઈઝરાયેલ ચોક્કસપણે બદલો લેશે. જો કે હજુ સુધી એ જણાવવામાં આવ્યું નથી કે હુમલો ક્યારે અને કેવી રીતે કરવામાં આવશે.

સીએનએનના અહેવાલ મુજબ ઈરાન વિરુદ્ધ બનાવવામાં આવેલ સૈન્ય યોજનાને ઈઝરાયેલની વોર કેબિનેટમાં જોવામાં અને ચર્ચા કરવામાં આવી હતી. જો કે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સભ્યો વચ્ચે સર્વસંમતિ છે કે ઈઝરાયેલે તાત્કાલિક જવાબી કાર્યવાહી કરવી જોઈએ. યુદ્ધ કેબિનેટે રાજદ્વારી પદ્ધતિઓ પર પણ ચર્ચા કરી છે જેના દ્વારા ઈરાન પાસેથી બદલો લઈ શકાય. યુદ્ધ કેબિનેટના સભ્યો વચ્ચે જોરદાર ચર્ચા થઈ હતી.

ઈઝરાયેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર કેબિનેટના સભ્ય બેની ગેન્ટ્ઝે સૂચવ્યું હતું કે ઈરાન પર હુમલો કરવો જોઈએ. પરંતુ એવું ન હોવું જોઈએ કે લોકો જીવ ગુમાવે. સાથે જ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનાક, સાઉદી અને જોર્ડને ઈઝરાયેલને ઈરાન સામે બદલો ન લેવાની અપીલ કરી છે. જેના કારણે સમગ્ર વિસ્તાર યુદ્ધનો શિકાર બનશે.

એક તરફ ઈરાનના હુમલાનો જવાબ કેવી રીતે આપવો તેના પર ઈઝરાયલમાં ચર્ચા ચાલી રહી છે. તેમજ, ૪૭ દેશો ઈરાન પર નવા પ્રતિબંધો લાદવાનું વિચારી રહ્યા છે. પહેલા બ્રિટને અને પછી ઈટાલીએ પણ આને મંજૂરી આપી દીધી છે.

## સલમાન ખાનના ઘરે ફાયરિંગ કરનાર આરોપીને મુંબઈ ક્રાઈમ બ્રાંચે ભુજમાંથી દબોચી લીધા

### આરોપીઓની ઓળખ વિકી ગુપ્તા (ઉંમર ૨૪) અને સાગર (૨૧ વર્ષ) તરીકે થઈ

મુંબઈ,
બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે ફાયરિંગના બંને આરોપીઓની ગુજરાતના ભુજમાંથી ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એક વરિષ્ઠ અધિકારીએ આ કાર્યવાહીની સ્પષ્ટતા કરી છે.

મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચની



ટીમે ભુજના માતાના મઢ નજીકથી બંને આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓની ઓળખ વિકી ગુપ્તા (ઉંમર ૨૪) અને સાગર (૨૧ વર્ષ) તરીકે થઈ છે. બંને આરોપીઓ બિહારના ચંપારણના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.રવિવારે સવારે ૫ વાગ્યે બાંદ્રામાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર બે અજાણ્યા બાઈક સવારોએ હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. બંને શૂટરો બાઈક પર આવ્યા હતા અને ફાયરિંગ કરીને ભાગી ગયા હતા. બંનેએ હેલ્મેટ પહેર્યું હતું.

## અમદાવાદમાં રોકડેથી ફ્લેટ, બંગલો, દુકાન ખરીદનારા ૫૦૦ લોકોને ઈન્કમ ટેક્સની નોટિસ

### રોકડ ક્યાંથી લાવ્યા તેનો ખુલાસો મગાયો

અમદાવાદ,
અમદાવાદમાં છેલ્લાં ૨થી ૩ વર્ષમાં શહેરના ૧૦થી ૧૨ મોટા બિલ્ડર ગ્રૂપ પર ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડ્યા હતા. દરોડા તેમજ સર્ચ દરમિયાન પકડાયેલા દસ્તાવેજોની ચકાસણીમાંથી ઈન્કમટેક્સ વિભાગને મોટાપાયે રોકડમાં વ્યવહારો થયાનું જાણવા મળ્યું હતું. જે લોકોએ ફ્લેટ, બંગલો કે દુકાનો ખરીદવા રોકેડેથી જેટલું પેમેન્ટ કર્યું હતું તેની વિગતો કાઢી લગભગ ૪૦૦થી ૫૦૦ લોકોને કલમ ૧૪૮ હેઠળ નોટિસ ફટકારી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં બિલ્ડર ગ્રૂપ પર પાડવામાં આવેલા દરોડામાંથી મળેલી કાચી ચિઠ્ઠીઓમાં આ રોકડાના વ્યવહારોનો ઉલ્લેખ હતો. ઈન્કમટેક્સ વિભાગે તમામને નોટિસ મોકલી રોકડમાં થયેલા વ્યવહારો અને જૂના રિટર્ન માગ્યા છે. ઈન્કમટેક્સના ૧ એપ્રિલ ૨૦૨૪થી અમલમાં આવેલા નવા નિયમ મુજબ જો કોઈ કરદાતા કે જૂથ પર દરોડો પાડવામાં આવે અને સર્ચ દરમિયાન ત્રીજા પક્ષકારે કરેલા વ્યવહારોની વિગત પકડાય તો કલમ ૧૪૮ હેઠળ પાછલાં ૨ વર્ષની આકારણી ફરીથી ખોલી ખુલાસો માગવામાં આવે છે. વિભાગ કરદાતાએ કોઈ આવક છુપાવી હોય તો તેની ગણતરી કરી ટેક્સની ડિમાન્ડ નોટિસ કાઢી શકે છે.

## કાર્યક્રમમાં સાંસદ તેજસ્વી સૂર્યા સ્ટેજ છોડીને ભાગ્યા

### એક વીડિયો સોમવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો

પટણા,
તેજસ્વી સૂર્યા સાથે સંબંધિત એક વીડિયો સોમવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને આ દરમિયાન લોકોએ તેમને ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો હતો. સાંસદ તેજસ્વી સૂર્યા માટે જ્યારે એક કાર્યક્રમમાં કથિત રીતે વિરોધ કરવામાં આવ્યો ત્યારે પરિસ્થિતિ અસ્વસ્થ બની હતી. સ્થિતિ એવી થઈ ગઈ કે લોકોએ તેમને પૂછપરછ શરૂ કરી અને બાદમાં તેમને સભામાંથી બહાર ભાગવું પડ્યું.

આ સમગ્ર મામલો શનિવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ બન્યો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સામે આવેલી ઘટનાથી સંબંધિત વીડિયો આ દરમિયાન તે હિંમતભેર પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યો હતો. જોકે મંચ પર હાજર ઘણા લોકોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

## ટેસ્લા કારમાં લગાવાશે ટાટાની ચિપ

### ભારત આવતા પહેલા એલોન મસ્કે કરી ડીલ

મુંબઈ,
ટેસ્લાએ પોતાની કાર માટે ટાટા ઈલેક્ટ્રોનિક્સ પાસેથી સેમિકન્ડક્ટર ચિપ્સ ખરીદવા માટે આ ડીલ થઈ છે. આ ડીલ એવા સમયે થઈ છે જ્યારે ટેસ્લા ભારતમાં ફેક્ટરી સ્થાપવા માટે પ્રયાસ કરી રહી છે.

એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે એલોન મસ્ક ૨૨ એપ્રિલથી શરૂ થતા સપ્તાહ દરમિયાન ભારત આવી શકે છે. પીએમ મોદીને મળ્યા બાદ એલોન મસ્ક ટેસ્લાની ભારત આવવાની શક્યતાઓની પુષ્ટિ કરી શકે છે અને મોટા રોકાણની જાહેરાત કરી શકે છે. અમેરિકન કંપની ટેસ્લાએ તેની કારમાં સેમિકન્ડક્ટર લગાવવા માટે ટાટા ઈલેક્ટ્રોનિક્સ સાથે ડીલ કરી છે. આ ડીલ એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે ટાટા ઈલેક્ટ્રોનિક્સને ટોપ ગ્લોબલ ક્લાયન્ટ માટે વિશ્વસનીય સપ્લાયર તરીકે સ્થાપિત કરશે. આ ડીલ થોડા મહિનામાં પૂર્ણ થશે.

અહેવાલ અનુસાર, Tata Electronics અને Tesla વચ્ચેની ડીલની રકમનો ખુલાસો કરવામાં આવ્યો નથી. કંપનીઓએ પણ આ ડીલ પર કંઈ કહ્યું નથી. ઈન્ડિયન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સેમિકન્ડક્ટર એસોસિએશનના પ્રમુખ અશોક ચાંડકે કહ્યું છે કે ટેસ્લાનો આ નિર્ણય ઈલેક્ટ્રોનિક્સના સ્થાનિક સપ્લાયર્સ માટે ઈકોસિસ્ટમ બનાવશે. તાજેતરમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સે ૫૦-૬૦ ટોપ લેવલના નિષ્ણાતોની ભરતી કરી છે. બીજી તરફ, ટેસ્લા વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ કંપની ભારતમાં ૨થી ૩ અબજ ડોલરનું રોકાણ કરી શકે છે.



## રામનવમી પર રામલલ્લા ૨૦ કલાક દર્શન આપશે

અયોધ્યા
અયોધ્યામાં રામ નવમી (૧૭ એપ્રિલ)ના દિવસે રામલલ્લાનો દરબાર ૨૦ કલાક ભક્તો માટે ખુલ્લો રહેશે. મંગળા આરતી બાદ બ્રહ્મ મુહૂર્તમાં બપોરે ૩:૩૦ કલાકે રામલલ્લાના દર્શન શરૂ થશે. ભક્તોને રાત્રે ૧૧ વાગ્યા સુધી મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.રામલલ્લાનો અભિષેક અને શણગાર પણ દર્શન દરમિયાન ચાલુ રહેશે. આ દિવસે ભારત અને વિદેશમાંથી લગભગ ૧૫ લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચે તેવી શક્યતા છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે સોમવારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે રામલલ્લાની શૃંગાર આરતી સવારે ૫ વાગ્યે થશે. દર્શન અને તમામ પૂજા પહેલાની જેમ ચાલુ રહેશે. ભગવાનને અન્નકૂટ અર્પણ કરવા માટે સમયાંતરે પડદો થોડો સમય માટે ખેંચવામાં આવશે.અન્ય દિવસોમાં, ભક્તો સવારે ૬:૩૦ થી ૯:૩૦ વાગ્યા સુધી રામ મંદિરના દર્શન કરે છે. રામ નવમીના દિવસે રામ મંદિર વધુ ૫ કલાક સુધી ખુલ્લું રહેશે.રામ નવમી, સુગમ દર્શન પાસ, વીઆઈપી દર્શન પાસ, મંગળા આરતી પાસ, શ્રૃંગાર આરતી પાસ, શયન આરતી પાસ ૧૬થી ૧૯ એપ્રિલ દરમિયાન ભારે ભીડને કારણે બનાવવામાં આવશે નહીં.

### રામનવમી પર ૫ મિનિટ સુધી રામલલ્લાનું સૂર્યતિલક કરવામાં આવશે

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા સોમવારે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા. નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું- રામનવમી પર બપોરે ૧૨:૧૬ વાગ્યે લગભગ ૫ મિનિટ સુધી સૂર્યના કિરણો રામલલ્લાના કપાળ પર પડશે. ટેકનિકલ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ સાથે મળીને કામ કરી રહ્યું છે. તેને સફળ બનાવવા માટે વૈજ્ઞાનિકો પણ મહેનત કરી રહ્યા છે. મંદિરનું સમગ્ર કામ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. અયોધ્યા આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ભક્તો માટે સુવિધા કેન્દ્રનું કામ પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

# ચૈત્રી આઠમ : માઈ મંદિરોમાં ભક્તોનો મહાસાગર ઉમટ્યો



ચૈત્રી આઠમને પગલે પાવાગઢ, અંબાજી, બહુચરાજી, ચોટીલા સહિતના માઈ મંદિરોમાં ભક્તોનો મહાસાગર ઊમટ્યો છે. આજ વહેલી સવારથી જ માઈ ભક્તો માઁના દરબારમાં જતાં જોવા મળ્યા. આ તરફ માઁ નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમાના પહેલા રવિવારે ૫૦ હજારથી વધુ પરિક્રમાવાસીઓ ઊમટ્યા.

# સસ્પેન્ડેડ PI તરલ ભટ્ટની જામીન અરજી કોર્ટે ફગાવી

**પોલીસ તોડકાંડ કેસમાં તરલ ભટ્ટને જેલમાં જ રહેવું પડશે**

જુનાગઢ

જુનાગઢના ચકચારી પોલીસ તોડકાંડ મામલે સસ્પેન્ડેડ PI તરલ ભટ્ટને જુનાગઢ ડિસ્ટ્રીકટ કોર્ટે ઝટકો આપતા તેમની જામીન અરજી ફગાવી દીધી છે. પોલીસ તોડકાંડ કેસમાં ગુજરાત ATSએ ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ સસ્પેન્ડેડ PI તરલ ભટ્ટે જામીન અરજી કરી હતી. જુનાગઢ ડિસ્ટ્રીકટ કોર્ટના જજ એચ.એ. દવેએ તરલ ભટ્ટ જામીન અરજી ફગાવી દીધી છે. જામીન ન મળતા તરલ ભટ્ટને જેલમાં જ રહેવું પડશે.

જુનાગઢના માણાવદરના સર્કલ PI તરલ ભટ્ટ, SOG PI એ.એમ. ગોહિલ તેમજ ASI દીપક જાની સહિતના સ્ટાફ દ્વારા કરોડો



રૂપિયાના શંકાસ્પદ વ્યવહાર ધરાવતા બેંક એકાઉન્ટને ફ્રીઝ કરીને ઈડી અને ઈન્કમટેક્ષ વિભાગમાં રિપોર્ટ કરવાની ધમકી આપીને લાખો રૂપિયાનો તોડ કરવામાં આવ્યો હતો. તોડકાંડ કેસમાં ધરપકડ કરાયેલા દીપ શાહે તરલ ભટ્ટને ૬૦૦થી વધુ બેન્ક એકાઉન્ટની માહિતી આપી હોવાનો ખુલાસો થયો હતો. માધુપુરા ક્રિકેટ સટ્ટાકાંડની તપાસ દરમ્યાન પણ તરલ ભટ્ટ દ્વારા દીપ શાહનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બેન્ક એકાઉન્ટનો ક્રિકેટ સટ્ટા બેટિંગમાં ઉપયોગ થાય છે કે કેમ તેના વેરિફિકેશન માટે તરલ ભટ્ટે દીપની મદદ લીધી હતી. જુનાગઢ તોડકાંડમાં બેન્ક એકાઉન્ટની વિગતો દીપ શાહ દ્વારા આપવામાં આવી હતી. પીઆઈ તરલ ભટ્ટ પકડાઈ જતા દીપ શાહે પોતાના તમામ ફોન તોડી નાંખી પુરાવાનો નાશ કર્યો હતો.

# બનાસકાંઠા કોંગ્રેસના ગેની બેન પાસે લાખોની મિલકત

**ઉમેદવાર પાસે ૧૧.૬૪ લાખ રોકડ, ૧૨.૯૫ લાખના દાગીના અને ૧૦.૫૦ લાખની કાર**

બનાસકાંઠા

બનાસકાંઠા લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના મહિલા ઉમેદવારે તેમના ઉમેદવારી પત્રમાં સોગંદનામુ રજૂ કર્યું છે જેમાં તેઓ રોકડ સોના ચાંદીના દાગીના અને મોંઘીદાટ ગાડી સાથે ૩૬.૨૯ લાખની મત્તા ધરાવતા હોવાનો ઉલ્લેખ કર્યો છે તેમજ તેમના પતિ એક બાઈક સાથે ૫.૧૭ લાખની મિલકત ધરાવતા હોવાનું કબૂલાત નામુ રજૂ કર્યું છે.

જેમાં બનાસકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી લડી રહેલા કોંગ્રેસનાં મહિલા ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પણ પોતાની અને તેમના પતિની મિલકત અંગે સોગંધનામુ રજૂ કર્યું છે. જેમાં મહિલા ઉમેદવારના જુદા જુદા બેન્ક એકાઉન્ટમાં ૧૧,૬૪,૪૩૨ રોકડ રકમ, ૧૦.૫૦ લાખની એક ગાડી અને ૧૦.૫૦ લાખના પંદર તોલા સોનાના દાગીના અને ૨.૪૫ લાખની ૩.૫ કિલો ગ્રામ ચાંદી મળી કૂલ ૩૬.૨૯.૪૩૩ની મિલકત ધરાવતા હોવાનું અને તેમના પતિ શંકરજી એક બાઈક સહિત ૫.૧૭ લાખની મિલકત ધરાવતા હોવાનું કબૂલાત કરી છે.

# રાજ્યમાં સંભવિત હિટવેવ સામે આગોતરા આયોજન માટે મુખ્યમંત્રીએ યોજી બેઠક

ગાંધીનગર,

રાજ્યમાં આગામી સમયમાં સંભવિત હીટવેવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યસ્તરે આગોતરું આયોજન કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં માહિતી આપતા રાહત કમિશનરઆલોક કુમાર પાંડેએ જણાવ્યું કે, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંભવિત હીટવેવ સામે લડવાનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. હીટવેવ સામેની લડતમાં મહત્વપૂર્ણ એવા આઠ વિભાગોને સાંકળીને આ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શ્રમ અને રોજગાર, પાણી પુરવઠા, શિક્ષણ, પ્રવાસન, ઉર્જા, પરિવહન, શહેરી વિકાસ અને પંચાયત વિભાગનો સાંકળીને વિગતવાર એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

હીટ વેવની પરિસ્થિતિમાં નાગરિકોએ શું કરવું અને શું ન કરવું (Dos and Don'ts) ની માર્ગદર્શિકા અને એક્શન પ્લાન અંગેની વિગતો રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીમારફતે તમામ ૩૩ જિલ્લાઓના વહીવટી તંત્રને પૂરી પાડવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હીટવેવ સામે નાગરિકોને સુરક્ષા પૂરી પાડવા માટે વિવિધ વિભાગોને અપાયેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન થાય તેમજ એક્શન પ્લાનનો પૂર્ણતઃ અમલ થાય તેવી તાકીદ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ઝિરો કેઝ્યુઅલ્ટી એપ્રોચ' સાથે માનવજીવન અને પશુધનની સંપૂર્ણ રક્ષા થાય તેવા અભિગમ સાથે એક્શન પ્લાનનો અમલ કરવા અંગે સૂચનો કર્યા હતા.

આ સંદર્ભે રાહત કમિશનર આલોક પાંડેએ

# પંજાબના મુખ્યમંત્રી બે દિવસ ગુજરાતના પ્રવાસે

**૧૭ એપ્રિલના રોડ શો યોજી આપના ઉમેદવાર ચૈતર વસાવાનો ચૂંટણી પ્રચાર**

ભાવનગર

લોકસભા ચૂંટણીને લઈ રાજ્યભરમાં રાજકીય માહોલ જામી રહ્યો છે. ત્યારે લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારના સપોર્ટમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યા છે.

ભાવનગરના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણા ઉમેદવારી પત્ર ભરવા જશે તે દરમિયાન ભગવંત માન ઉપસ્થિત રહેવાના છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ભાવનગરમાં રોડ શો કર્યા બાદ સાંજે વડોદરા પહોંચશે જયાં તેઓ રાત્રિ રોકાણ કરશે. ત્યારબાદ ૧૭ એપ્રિલના રોડ શો યોજી આપના ઉમેદવાર ચૈતર વસાવાનો ચૂંટણી પ્રચાર કરવાના છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયા ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટીને ગુજરાતમાં બે બેઠકો મળી છે. ભાવનગર અને ભરૂચ લોકસભા બેઠક ઉપર આમ આદમી પાર્ટીએ ઉમેદવારો ઉતાર્યા છે.

# વિઝા એજન્સીએ જીમ સંચાલક સાથે કરી લાખોની ઠગાઈ

વડોદરા,

વડોદરામાં ઈમિગ્રેશનના માલિકે જીમ સંચાલક સાથે રૂપિયા ૪૦ લાખની ઠગાઈ કરી છે. બનાવટી જોબ ઓફર લેટર આપીને વેપારી પાસેથી લાખો રૂપિયા પડાવી કેનેડા ન મોકલતા વેપારીએ આર.એમ.ઈમિગ્રેશનના માલિક સામે વડોદરાના અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આણંદ જીલ્લામાં અગણિત યુવક, યુવતીઓ વિદેશ જવા થનગનતા જોવા મળ્યા છે. તેમનો વિદેશ જવાનો લાભ ઉઠાવી ઈમિગ્રેશન સંચાલકો વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી દે છે. આવું જ ફરી એકવાર કેનેડા જવા માગતા જીમ સંચાલક સાથે ઘટના બની છે. આણંદના જીમ ચલાવતા વેપારીને કેનેડા જવાની ઈચ્છા થતાં આર.એમ. ઈમીગ્રેશન પાસે ગયા હતા. ઈમીગ્રેશન તરફથી ૪૦ લાખ રૂપિયામાં કેનેડા લઈ જવાનું કહેતા વેપારીએ પૈસા ભર્યા હતા. બાદમાં કેનેડા ન જવાનું થતાં પોતે છેતરાયા હોવાનું જાણ થતાં આર.એમ.ઈમીગ્રેશનના માલિક વિરૂદ્ધ ફરિયાદ કરી હતી.

# ઘરવાપસ : સોમાભાઈ પટેલ અને પૂર્વ પ્રવક્તા કિશનસિંહ સોલંકીએ કેસરિયા કર્યા

ગાંધીનગર

લોકસભાની ચૂંટણી નજીક આવી ગઈ છે અને તમામ પક્ષોના નેતાઓ અને જાહેર કરેલા ઉમેદવારો તડામાર ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે, ત્યારે આ દરમિયાન પક્ષ પલટાની કામગીરી પણ ધમધોકાટ જોવા મળી રહી છે. ગુજરાતમાં પણ ભાજપમાં ભરતી મેળો પૂરબહારમાં ચાલી રહ્યો છે અને એક પછી એક નેતાઓ કેસરીયો ધારણ કરી રહ્યા છે, ત્યારે રાજ્યના બે દિગ્ગજ નેતાઓએ કેસરીયો ધારણ કરતા ચૂંટણી ટાણે કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે.

મળતા અહેવાલો મુજબ ભાજપના પૂર્વ પ્રવક્તા કિશનસિંહ સોલંકીએ ફરી ઘરવાપસી કરી ભાજપમાં પુનઃ પ્રવેશ કર્યો છે. જ્યારે પૂર્વ સાંસદ સોમાભાઈ ગાંડાલાલ પટેલે પણ ફરી ભાજપનો કેસરીયો ધારણ કર્યો છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાયો હતો, જેમાં આ બંને નેતાઓએ કેસરીયો ધારણ કર્યો છે.

સોમા ગાંડા પટેલે ભાજપનો કેસરીયો ધારણ કર્યા બાદ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ પતિ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમનું કોંગ્રેસને આમંત્રણ આપ્યું હતું, છતાં પાર્ટી ત્યાં ગઈ નહીં, ત્યારે આવી પાર્ટીમાં રહીને કરવાનું શું... કોંગ્રેસ રામ વિરોધી છે.

# વડોદરા : ઉધાર આપેલા રૂપિયા પરત માગતા મળ્યું મોત : યુવકની હત્યા

વડોદરા

કોઈને ઉધાર રૂપિયા આપતાં પહેલા હજારવાર વિચાર કરજો નહીં તો તમને પૈસાને બદલે મોત પણ મળી શકે છે. વડોદરામાં પ્રાઈવેટ ફાઈનાન્સરે જીમ ટ્રેનરને આપેલા ઉધાર રૂપિયાની ઉઘરાણી કરતાં તેને મોતને ઘાટ ઉતારી દેવાયો છે. આરોપીએ હત્યા કરતાં પેહલા ટીવી સીરિયલ ક્રાઈમ પેટ્રોલ પરથી હત્યા કરવાથી લઇ પુરાવાનો નાશ કરવા સુધીની તાલીમ પણ લીધી હતી. હાલમાં પોલીસે આરોપી માતા પુત્રને કોર્ટમાં રજૂ કરી ૪ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના મકરપુરામાં રહેતો યુવાન જૈમિન પંચાલ પ્રાઈવેટ ફાયનાન્સનો વ્યવસાય કરતો હતો. આ સાથે સરકારી અને ખાનગી કોન્ટ્રાક્ટ લઈને કામ પણ કરતો હતો. જૈમિન પંચાલ બોડી ફેક્ટરી નામના જીમમાં કસરત માટે જતો હતો, જ્યાં જીમ ટ્રેનર સતીશ વસાવા સાથે તેનો સંપર્ક થયો. સતીશ વસાવા સાથે જૈમિન પંચાલની ગાઢ મિત્રતા થઈ, જેથી સતીશ વસાવાએ જૈમિન પંચાલ પાસેથી દોઢ લાખ રૂપિયા ઉધાર લીધા હતા. જે રૂપિયાની ઉઘરાણી વારંવાર જૈમિન પંચાલ કરતાં સતીશ વસાવાએ તેની હત્યાનો પ્લાન ઘડ્યો.

# ભાજપના સંકલ્પ પત્રમા તમામને તમામ સ્તરે સશક્ત બનાવવાની ઘોષણા - મુખ્યમંત્રી પટેલ

**ભાજપનો સંકલ્પ પત્ર વિકસીત ભારતના ચાર મજબૂત સ્તંભ જેમા યુવા,મહિલા ગરીબ,ખેડૂતોને સશક્ત કરનારુ જાહેર કરવામા આવ્યું છે**

ગાંધીનગર,

ભાજપના સંકલ્પ પત્રમા આપેલા દરેક મુદ્દાને જમીની સ્તરે પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. ભાજપનો સંકલ્પ પત્ર વિકસીત ભારતના ચાર મજબૂત સ્તંભ જેમા યુવા,મહિલા.ગરીબ,ખેડૂતોને સશક્ત કરનારુ જાહેર કરવામા આવ્યું છે. આ સંદર્ભે રાજયના સીએમ



ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે પત્રકાર પરિષદને પ્રદેશ મીડિયા સેન્ટર,એસ.જી હાઈવે અમદાવાદ ખાતે સંબોધી હતી. આ પત્રકાર પરિષદમા મહામંત્રી રજનીભાઈ પટેલ,મુખ્ય પ્રવકતા યમલભાઈ વ્યાસ,પ્રદેશ મીડિયા કન્વીનર ડો.યજ્ઞેશભાઈ દવે, પ્રદેશ મીડિયા સહ કન્વીનર ઝુબિનભાઈ આશરા ઉપસ્થિત રહ્યા હતા.

# ડાયમંડ સિટી સુરતની દેશમાં ઓર્ગન ડોનર શહેર તરીકે ખ્યાતી

**બ્રેઈનડેડ કિરણકુમારના લિવર કિડની અને ચક્ષુના દાનથી 5ના જીવનમાં પથરાયા આશાના કિરણ**

સુરત

ટેક્ષટાઈલ અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતું સુરત શહેર હવે દેશમાં ઓર્ગન ડોનર શહેર તરીકે ખ્યાતી પામી રહ્યું છે. ત્યારે અકસ્માતમાં બ્રેઈનડેડ જાહેર થયેલા ૪૬ વર્ષના લેઉવા પટેલ સમાજના કિરણકુમાર રમેશભાઈ વેકરીયાના અંગોનું દાન કરવામાં આવ્યું છે. કિરણકુમારના લિવર, કિડની અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન બક્ષી માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા બતાવી છે.

મૂળ અમરેલીના વતની અને હાલ પાસોદરા પાટીયા ખાતે કિરણકમાર રહેતા હતાં. લસકાણા રેલ્વે બ્રીજ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી. તેઓ મોટરસાયકલ પરથી નીચે પડી ગયાં હતાં. જેથી માથામાં ઈજાઓ થવાથી બેભાન થઈ ગયા હતા. નિદાન માટે ઝ્ સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. જેથી પરિવારજનોએ તેમના અંગદાન અંગે ડોનેટ લાઈફ દ્વારા માહિતી અપાઈ હતી. જેથી કિરણકુમારના પિતા રમેશભાઈ, ભાઈ દિનેશભાઈ, કાકા નીતિનભાઈ અને જયેશભાઈ, મામા રસિકભાઈ અને હિતેશભાઈ તેમજ વેકરીયા પરિવારના અન્ય સભ્યોને અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી.

કિરણકુમારના ભાઈ દિનેશભાઈએ કહ્યું કે, અંગદાનનું કાર્ય એક ઈશ્વરીય કાર્ય છે. શરીર રાખ જ થઈ જવાનું છે, ત્યારે મારા ભાઈના જેટલા પણ અંગોનું દાન થઈ શકતું હોય તે કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા માટે આપ આગળ વધો. જેથી અંગદાન પરિવારની સંપૂર્ણ સંમતિથી થયું હતું.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા SOTTOનો સંપર્ક કરવામાં આવ્યો. SOTTO દ્વારા લિવર સુરતની કિરણ હોસ્પિટલને, બે કિડનીમાંથી એક કિડની અમદાવાદની સીમ્સ હોસ્પિટલ અને બીજી કિડની સ્ટલ'ગ હોસ્પિટલને ફાળવવામાં આવી હતી. લિવરનું દાન સુરતની કિરણ હોસ્પિટલના ડૉ. ધર્મેશ ધાનાણી, ડૉ. ગૌરવ ચૌબલ અને તેમની ટીમે, કિડનીનું દાન ડૉ. પ્રમોદ પટેલ, ડૉ. મુકેશ આહીર, ડૉ. કાર્તિક પટેલ અને તેમની ટીમે સ્વીકાર્યું હતું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકના ડૉ. દિનેશ જોધાણીએ સ્વીકાર્યું હતું.

દાનમાં મેળવવામાં આવેલા લિવરનું ટ્રાન્સપ્લાન્ટ મુંબઈના રહેવાસી ૫૯ વર્ષીય વ્યક્તિમાં સુરતની કિરણ હોસ્પીટલમાં ડૉ. ગૌરવ ચૌબલ, ડૉ. ધર્મેશ ધાનાણી, ડૉ. આદિત્ય નાણાવટી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ૧ માર્ચથી ૧૩ એપ્રિલ સુધી ૪૮૫ કરોડનું ડ્રગ્સ અને ૭ લાખ લીટરથી વધુ દારૂ જપ્ત

અમદાવાદ,

દેશમાં ૭ તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીની જાહેરાતની સાથે ચૂંટણી પંચ એક્શનમાં આવી જતું હોય છે. દેશભરમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સતત નજર રાખવામાં આવતી હોય છે. આ વખતે પણ ચૂંટણીની જાહેરાત બાદ દેશભરમાંથી રોકડ રકમ, દારૂ, ડ્રગ્સ જેવી વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

આ જપ્તી ભારતીય ચૂંટણી પંચની લોકસભાની ચૂંટણીઓને પ્રલોભનો અને ચૂંટણીમાં



ગેરરીતિઓથી મુક્ત કરાવવાના તથા સમાન તકને સુનિશ્ચિત કરવાના ભારતીય ચૂંટણી પંચના સંકલ્પનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદી પ્રમાણે ગુજરાતમાંથી ૧ માર્ચ ૨૦૨૪થી લઈને ૧૩ એપ્રિલ ૨૦૨૪ સુધી ૬ કરોડથી વધુ રોકડ જપ્ત કરવામાં આવી છે. તો રાજયમાંથી ૨૨ કરોડની કિંમતનો ૭ લાખ લીટરથી વધુ દારૂ પણ જપ્ત કરવામાં આવ્યો છે. પરંતુ સૌથી ચોંકાવનારા આંકડા ડ્રગ્સના છે. એજન્સીઓની કાર્યવાહી દરમિયાન દેશભરમાંથી ૨૦૬૮ કરોડથી વધુનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

પરંતુ આ આંકડામાં સૌથી મોટી વાત છે કે તેમાંથી ગુજરાતમાંથી જ ૪૮૫ કરોડ કરતા વધુ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આખા દેશમાંથી સૌથી વધુ ડ્રગ્સ ઝડપાયું છે. ગુજરાત બાદ વાત કરવામાં આવે તો તમિલનાડુમાં ૨૯૩ કરોડથી વધુ, પંજાબમાં ૨૮૦ કરોડથી વધુ તો મહારાષ્ટ્રમાં ૨૧૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે.

# ધોમ ધખતા ઉનાળામાં ગીરના સાવજો માટે કરાઈ કૃત્રિમ વોટર પોઈન્ટ્સની વ્યવસ્થા

જૂનાગઢ,

લોકસાહિત્યના શોખીનોએ સાવજડા સેંજળ પીવે દુહો તો ખાસ સાંભળ્યો જ હશે. જો કે હવે વિકાસની આંધળી દોટમાં ગીરમાં બારેમાસ ખળખળ વહેતી નદીઓ તો ભૂતકાળ બની ચુકી છે. અને માત્ર ચોમાસા દરમિયાન આ નદીઓમાં પાણી આવે છે ત્યારે ગીરના ઠાલામથ્થા અને અન્ય વન્યજીવોને ધોમધખતા તાપમાં પાણી માટે આમતેમ ભટકવુ ન પડે, તેને ધ્યાને રાખી વનવિભાગ દ્વારા કૃત્રિમ વોટર પોઈન્ટ્સ તૈયાર કરવામાં આવ્યા છે. સંતો, શુરા, અને સાવજોની ભૂમિ એટલે સોરઠ. આ સોરઠની ભૂમિ પર સાવજોની ભૂમિ તરીકે પણ જાણીતી છે. અહીં સાવજ માટે લોકસાહિત્યમાં લખાયુ છે કે સોરઠ



ધરા જગ જુની, જગ જૂનો ગિરનાર, સાવજડા સેંજળ પીવે, ન્યાના નમણાં નરને નારપ જો કે સાવજડા સેંજળ પીવેની વાતો હવે માત્ર લોકસાહિત્યમાં જ રહી ગઈ છે અને હવે ગીરકાંઠે વસતા સાવજો જ્યાંથી મળે ત્યાંથી પાણી પીને તરસ છીપાવે છે. હવે ગીરકાંઠાની નદીઓ ચોમાસા સિવાય વહેતી નથી ત્યારે વનવિભાગ દ્વારા ગીરના જંગલમાં જુદા જુદા સ્થળે પાણીના કૃત્રિમ પોઈન્ટ્સ બનાવવામાં આવે છે. આથી વન્ય જીવો અને ગીરના સાવજો જ્યારે તરસ્યા થાય ત્યારે આ કૃત્રિમ વોટર પોઈન્ટ્સમાંથી પાણી પી તેમની તરસ છીપાવી શકે.

સામાન્ય રીતે એશિયાટિક લાયનને સવારે ઉઠતાવેંત પાણીની જરૂરિયાત રહે છે અને તે એકીસાથે ૩ લીટર જેટલુ પાણી ગટગટાવી જાય છે અને સાંજના સમયે પણ ત્રણ લીટર જેટલુ પાણી પી જાય છે. ઉનાળાના ધોમધખતા તાપમાં તે ૬ લીટરને બદલે દિવસનું ૮ લીટર જેટલુ પાણી પી જાય છે.

# રેશનીંગનાં હજારો લાભાર્થીઓ હેરાન: રાજયનાં ૫૦ ટકા વેપારી તુવેરદાર-ચણા-ખાંડ-મિઠાથી વંચિત, પુરવઠા મંત્રીને રજૂઆત

રાજકોટ:ચાલુ માસનાં ૧૫-દિવસ વિતી જવા છતા આજ સુધી રાજકોટ સહિત અનેક જિલ્લા ઓમાં, ખાંડ-મિઠું-ચણા અને તુવેરદાળ,નો જથ્થો રેશનીંગના વેપારીઓને મળ્યો ન હોય લાભાર્થીઓમાં દેકારો જાગ્યો છે.ત્યારે આ પ્રશ્નને ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનનાં પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા મહામંત્રી હિતુભા જાડેજા એ રાજયના પુરવઠા મંત્રીને પત્ર પાઠવી રજુઆત કરી છે.

આ રજુઆતમાં એસોસિએશનના હોદેદારોએ જણાવેલ છે કેએપ્રિલ ૨૦૨૪ ના માસ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા અન્ન સુરક્ષા કાયદા હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉં ચોખા અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજના હેઠળ લાભાર્થીઓને આપવા પાત્ર ખાંડ મીઠું ચણા તથા તુવેર ડાળનો જથ્થો આજ ૧૫ તારીખ થવા છતાં મોટા ભાગનીદુકાનો ઉપર પહોંચાડવામાં નાગરિક પુરવઠા નિગમ નિષ્ફળ નીવડ્યું છે મોટાભાગના જિલ્લામાં ખાંડ મીઠું ચણા અને તુવેરદાળનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ નથી



ગુજરાત સરકાર દ્વારા ઘણા સમયથી કલ્યાણકારી યોજના હેઠળનો ખાંડ મીઠું ચણા તથા તુવેરદાળનો જથ્થો રેગ્યુલર રીતે લાભાર્થીઓને વિતરણ કરવામાં આવે છે

ત્યારે આ જથ્થો મહિનાની શરૂઆતમાં જ દુકાન સુધી પહોંચે એ માટે જરૂરી તમામ કાર્યવાહી નાગરિક પુરવઠા નિગમની રહે છે પરંતુ ક્યાંક ને ક્યાંક નિગમમાં કામ કરતા સંબંધિત અધિકારીઓ દ્વારા પોતાના કામમાં નિષ્કાળજી દર્શાવી કે કોઈ અન્ય કારણોસર આવો જથ્થો મહિનાના અંતમાં ગોડાઉન ઉપર આપવામાં આવે છે અને ગોડાઉન ખાતેથી આ જથ્થો મહિનાના છેલ્લા બે કે ત્રણ દિવસ બાકી રહેતા હોય ત્યારે દુકાન ઉપર પહોંચાડવામાં આવે છે તેના લીધે લાભાર્થીઓ આ યોજનાના લાભથી વંચિત રહે છે

છેલ્લા ત્રણ વર્ષથી આ પ્રકારની વ્યવસ્થા ગુજરાતના મોટાભાગના જિલ્લાના ગોડાઉન ઉપર વારંવાર બની રહી છે અનેક વખત એસો ની રજૂઆત છતાં આપના વિભાગ હેઠળના અધિકારીઓ આં રજૂઆત બાબતે ગંભીરતાથી કામ કરતા નથી અને માત્ર પેપર ઉપર સરકારશ્રી માં કામ બતાવીને સંતોષ માને છે હાલમાં લોકસભાની ચૂંટણીના સમયમાં પણ નિગમ સમયસર જથ્થો પહોંચાડી શકતું નથી જેના પરિણામે ગ્રાહકોની નારાજગી પણ સરકાર સામે.વધી રહી છે આ હકીકત છે આના લીધે ગુજરાતના દુકાનદારોને કમિશનની પણ ખોટ ખાવી પડે છે એક તરફ કુપોષિત આવક ધરાવતા દુકાનદારો અને બીજી તરફ પુરવઠા નિગમની મનમાનીથી દુકાનદાર પરેશાન થઈ ગયો હોય આ બાબતે યોગ્ય આદેશ આપવો જરૂરી છે.

# ૧૫૨ આસામીઓ પાસેથી ૧૧.૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## જાહેરમાં ગંદકી ફેલાવવા સબબ રૂા.૪૧,૬૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારિખ ૧૩/૦૪/૨૦૨૪ થી ૧૪/૦૪/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૧૩/૦૪/૨૦૨૪ થી ૧૪/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫૨ આસામીઓ પાસેથી ૧૧.૭૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૪૧૬૫૦ /-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૯ આસામીઓ પાસેથી ૫.૯૭૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૨૮૦૦/-નો



વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૮ આસામીઓ પાસેથી ૪.૪૩૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૭૬૦૦ /-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૩૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૧૨૫૦ /-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

# શિવનગરની યુવતીનો ત્રણ માસથી કોઈ અતોપતો નથી

## પોલીસ કાર્યવાહી ન કરતી હોવાનો પરિવારનો આક્ષેપ

રાજકોટ:મોરબી રોડ પર આવેલા શિવનગરની ૨૨ વર્ષીય યુવતીનો ત્રણ માસથી કોઈ અતોપતો નથી. આ અંગે પોલીસ કાર્યવાહી ન કરતી હોવાનો પરિવારનો આક્ષેપ છે.સાંજ સમાચારની મુલાકાતે આવેલા ભાનુશાળી સમાજના આગેવાનો અને યુવતીના પિતા ઠાકરશીભાઈ નાખુવાએ જણાવ્યું કે, તેની પુત્રી જીનલ ૨૧ ડિસેમ્બરે ગુમ થઈ હતી. ૨૨ ડિસેમ્બરે પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ લખાવી હતી. ઠાકરશીભાઈએ કહ્યું કે, અગાઉ મારો પરિવાર આરટીઓ કચેરી પાછળ



મંછાનગરમાં રહેતો. ત્યાનો એક યુવક દીકરીને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયો છે. આ અંગે અમે પોલીસ કમિશનરને પણ રજુઆત કરી હતી. જોકે આટલો સમય થવા છતાં અમારી દીકરી ક્યાં છે? કઈ હાલતમાં છે? તેની અમને ખબર નથી. જેથી જે કોઈને ઉપરોક્ત તસવીર વાળી યુવતી કયાંક જોવા મળે તો મો.નં.૮૩૦૬૪ ૩૮૮૯૩ (ઠાકરશીભાઈ) અથવા મો.૯૬૮૭૭ ૫૨૫૧૨ (વાલજીભાઈ) ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# આંબાવાડીમાં કારખાનામાંથી ચાંદીની ચોરી કરનાર ધૂળધોયા બેલડી ઝડપાઈ

રાજકોટ:આંબાવાડીમાં કારખાનામાંથી ચાંદીની ચોરી કરનાર ચુનારાવાડની ધૂળધોયા બેલડીને ઝડપી ચોરીમાં ગયેલ રૂ.૧.૯૦ લાખની ચાંદી કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી. બનાવ અંગે મવડી પ્લોટમાં પુનિતનગરમાં શનેશ્વર સોસાયટીમાં રહેતાં દીનેશભાઈ છગનભાઈ ગઢીયા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સંતકબીર રોડ નાલા પાસે આંબાવાડી મેઈન રોડ રઘુવિર સ્કુલવાળી શેરીમા આવેલ ગોકુલ શેડમા ભાડેથી શેડ રાખી કારખાનું ચલાવે છે.

ગઈ તા.૧૨/૦૪/૨૦૨૪ ના રાત્રીના સાડા સાતેક વાગ્યે પોતાનું કારખાનુ બંધ કરતી વખતે ચાંદીનો માલ કારખાનામા રહેલ એક ટેબલના ખાનામા રાખીને કારખાનાને તાળા મારી તેમના કારીગર વજાભાઈ સાકરીયા સાથે કારખાનેથી નીકળી ગયેલ હતા.

બાદમાં બીજા દિવસે સવારના આઠેક વાગ્યાની આસપાસ કારખાનાએ આવેલ અને કારખાનુ ખોલેલ અને અમે ચાંદી કામ કરવા માટે ચાંદીનો માલ લેવા માટે જતા ટેબલમાં રાખેલ ચાંદીનો માલ જોવામા આવેલ ન હતો. જેથી બાજુમા કારખાનુ ધરાવાતા કૌટુબિંક ભાઈ વસંતભાઈ ગઢીયા સાહિતનાઓને વાત કરેલ હતી. કોઈ અજાણ્યો શખ્સ શેડના ઉપરના ભાગે હવા ઉજાશ માટે પતરા વચ્ચે જગ્યા રાખેલ છે ત્યાથી કારખાનામા આવી ટેબલના ખાનામા રાખેલ ચાંદીનો માલની ચોરી કરી નાસી છૂટ્યો હતો.જેમાં ૫ કીલો ૭૦૦ ગ્રામ કાસ્ટીંગ ચાંદી રૂ.૧.૫૫ લાખ, ૧ કીલો ૪૦૦ ગ્રામ ચાંદીનો તૈયાર કાસ્ટીંગ માલ રૂ.૩૧ હજાર, ૬૦૦ ગ્રામનુ પીતળનુ બંગડીના ડેમો પીસનુ બોકસ અને બંગડીના પીતળના ચાર બોકસ મળી કુલ રૂ.૧.૯૦ લાખનો મુદામલની ચોરી થયાની ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ એમ.એસ. મહેશ્ર્વરી અને ટીમે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી ચુનારાવાડની ધૂળધોયા બેલડીને ઝડપી ચોરીમાં ગયેલ રૂ.૧.૯૦ લાખની ચાંદી કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી.

# ઔધોગિક તાલીમ સંસ્થા રાજકોટ ખાતે તા.૧૩ જૂન સુધી પ્રવેશ પ્રક્રિયા યોજાશે

રાજકોટ:ઔધોગિક તાલીમ સંસ્થા, નાગેશ્વર મંદિર પાસે અને શેઠનગર સામે, જામનગર રોડ રાજકોટ ખાતે તા. ૧૩-૬-૨૦૨૪ સુધી વિવિધ કોર્સ માટેની ભરતી પ્રક્રિયા યોજાશે.

આ ભરતી પ્રક્રિયામાં ધોરણ ૧૦ પાસ પર કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, મિકેનિકલ ડીઝલ, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, ફિઝિયોથેરાપી ટેકનીશિયન, કોસ્મેટોલોજીમાં ૧ વર્ષના તાલીમના સમયગાળા સાથે અને વાયરમેન, ફિટરનો ૨ વર્ષનો તાલીમનો સમયગાળો ઉપરાંત ધોરણ ૮ પાસ પર ડ્રેસ મેકિંગ ૧ વર્ષના તાલીમના સમયગાળાના ટ્રેડ ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. ઈચ્છુક તમામ ઉમેદવારોએ જાહેર રજા સિવાયના દિવસોમાં સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમિયાન સંસ્થા ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. આ ફોર્મ ઓનલાઈન રttps://itadmission.gujarat.gov.in વેબસાઈટ પર ભરવું અથવા આઈ. ટી. આઈ. ના હેલ્પલાઈન સેન્ટર રૂબરૂ મુલાકાત લેવી અને વધુ માહિતી માટે ૯૯૭૯૭૧૧૮૯૬ અથવા ૯૪૨૭૨૧૩૪૪૬ પર સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા, રાજકોટના આચાર્યશ્રીની યાદીમાં જણાવાયુ છે.

# વેપારી પાસેથી ૩૨ લાખની રોકડ કબ્જે, અત્યાર સુધીમાં જપ્તીનો આંકડો ૨.૭૩ કરોડને આંબ્યો



રાજકોટ:રાજકોટ શહેર જિલ્લામાં ચૂંટણી આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ કરાવવા માટે વહીવટી તંત્રે કમ્મર કસી છે. જેમાં રાજકોટમાં એક વેપારી પાસેથી રૂા. ૩૨ લાખની રોકડ કબ્જે લેવામાં આવી છે. જેની સાથે રાજકોટ-શહેર જિલ્લામાં રોકડ, વિદેશી દારૂ, સોના-ચાંદીના દાગીના સહિતના મુદામાલની જપ્તીનો આંકડો ૨.૭૩ કરોડ વટાવી ગયો છે.જેમાં ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયા બાદ અત્યાર સુધીમાં રાજકોટ માંથી રૂા. ૩૨ લાખની રોકડ સહિત વિદેશી દારૂ અને સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૨.૪૧ કરોડ નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી રૂા. ૧.૧૩ લાખનો દેશી દારૂ તેમજ રૂા. ૧૯.૫૭ લાખનો મુદામાલ ઝડપી તેને કબ્જે કરવામાં આવેલ છે. કલેકટર કચેરીના સુત્રો એ જણાવ્યું હતું કે રાજકોટમાંથી ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા બાદ અત્યાર સુધી રૂા. ૨૩.૩૨ લાખનો વિદેશી દારૂને ઝડપી લેવામાં આવેલ છે.જિલ્લામાં ધોરાજીમાં ૧.૩૭ લાખ, ગોંડલમાં ૪.૬૦ લાખ જસદણમાં ૪.૮૮ લાખ, જેતપુરમાં ૮૪.૮૫ રાજકોટ દક્ષીણમાં ૬.૪૦ લાખ રાજકોટ પશ્ર્ચિમમાં ૨.૨૮ લાખનો મુદામાલ કબ્જે કરેલ છે. આ ઉપરાંત રાજકોટ શહેરમાં ૩૦૦૮ હથીયાર જેમાં ૨૬.૯૧ જમા થી ગયા છે જયારે ૩૧૭ વ્યકતિઓને હથીયાર જમા કરાવવામાં મુકિત આપવામાં આવી છે. જયારે રાજકોટ ગ્રામ્ય માં ૧૨૧૨ માંથી ૧૦૯૭ હથીયાર જમા કરાયા છે.

## રાજકોટમાં જમીન-મકાન લે-વેચના ધંધાર્થીનું બિમારીથી મોત

રાજકોટ: રાજકોટ શહેરમાં જમીન-મકાન લે વેચના ધંધાર્થીનું બીમારી સબબ મોત થતાં તેઓનાં પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે રાજકોટ તાલુકા પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ વિજયભાઈ પોપટભાઈ હિરાણી (ઉ.વ.૪૯ રહે- બિગ બજારની પાછળ સાકેત પાર્ક શેરી નં-૧) ગત રોજ પોતાનાં ઘરે બેભાન થઈ જતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતકને કિડની તકલીફ હતી. તેઓ જમીન-મકાન લે વેચનું કામ કરતાં હતાં. તેમજ તેઓ બે ભાઈ બે બહેનમાં વચેટ હતાં. તેઓને સંતાનમાં એક પુત્ર - પુત્રી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

# રાજકોટ જીલ્લામાં ફેસબુકમાં બંદૂક સાથે ફોટો અપલોડ કરનાર બે શખ્સની ધરપકડ



રાજકોટ,સોશ્યલ મિડીયા ફેસબુક એકાઉન્ટમાં હથિયાર સાથેના ફોટા અપલોડ કરનાર શખ્સ તથા પરવાનેદાર સામે રાજકોટ રૂરલ એસઓજીએ કાયદેસર કાર્યવાહી કરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાનાર હોય, જે ચૂંટણી શાંતિપૂર્ણ પસાર થાય તેવા હેતુસર ગેરકાયદેસર રીતે હથિયાર રાખતા શખ્સો મળી આવ્યે કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હતી, રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડે જિલ્લામાં ગેરકાયદેસર રીતે હથિયાર રાખતા શખ્સો તથા હથિયાર પરવાનો કે, લાયસન્સ ન હોવા છતા, સમાજમાં ભય ઉભો કરવાના ઈરાદે તેમજ પોતાના શોખ ખાતર હથિયાર સાથે સોશ્યલ મીડીયામાં ફોટોઓ અપલોડ કરતા શખ્સો ઉપર વોચ રાખી વધુને વધુ કેસો કરવા સુચના કરવામાં આવેલ હતી.

જેથી એસ.ઓ.જી.ની ટીમ જસદણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી.

દરમ્યાન સંયુક્ત બાતમી આધારે હકિકત મળેલ કે,વિંછીયા તાલુકાના ભડલી ગામના રહેવાશી દિનેશભાઈ કલાપરા પાસે કોઇ હથિયાર પરવાનો કે, લાયસન્સ ન હોવા છતા, સમાજમાં ભય ઉભો કરવાના ઈરાદે બારબોરના હથિયારથી ફોટોઓ પાડી પોતાના ફેસબુક આઇ-ડી માં ફોટોઓ અપલોડ કરેલ છે. તેમજ પરવાનેદાર કડવાભાઇ કાળાભાઇ પાંચાણીએ પોતાનું લાયસન્સ વાળુ હથીયાર બંધુક અન્ય લાયસન્સ વગરનાને ઉપયોગ કરવા આપતા બન્ને શખ્સ સામે આર્મ્સ એકટ મુજબનો ગુન્હો કરતા જસદણ પોલીસ મથક ખાતે ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી. આરોપી દિનેશ જેમા કલાપરા (ઉ.વ-૩૬, રહે. ભડલી ગામની સીમ વાડીના રહેણાંક મકાને તા-વિંછીયા), કડવા કાળા પાંચાણી (ઉ.વ-૭૦ રહે, આંબરડી ગામ તા.જસદણ)ની અટકાયત કરી હથિયાર કબ્જે લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.આરોપીઓએ પુછપરછમાં જણાવેલ કે બંન્ને આરોપી એક પરિચિતના લગ્ન પ્રસંગે ભેગાથયા હતા. ત્યાં ચાર વર્ષ પુર્વે આ ફોટો પાડયો હતો.આ કામગીરી રાજકોટ રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઇ બી.સી.મિયાત્રા, એએસઆઈ જયવીરસિંહ રાણા, અતુલભાઇ ડાભી, સંજયભાઇ નીરજંની, ઈન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ વેગડ, હિતેશભાઇ અગ્રાવત, અરવિંદભાઇ દાફડા, ભગીરથસિંહ જાડેજા, અમિતભાઇ કનેરીયા, કોન્સ્ટેબલ વિજયગીરી ગૌસ્વામી, શિવરાજભાઇ ખાચર, ચીરાગભાઇ કોઠીવાર, રઘુભાઇ ઘેડ દ્વારા કરવામાં આવી હતી.

# નોનવેજ ઝુંટવી યુવાન પર હુમલો કરનાર ત્રણ શખ્સોની ધરપકડ

રાજકોટ: છોટુનગરમાં આવેલ નોનવેજની દુકાનમાંથી નોનવેજ ઝુંટવી યુવાન પર હુમલો કરનાર ત્રણેય શખ્સોની ધરપકડ ગાંધીગ્રામ પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.બનાવ અંગે હનુમાનમઢી પાસે છોટુનગર સોસાયટી શેરી નં.૧ માં રહેતાં મૂળ ઉત્તરપ્રદેશના આસિફખાન મુબારકખાન પઠાણ (ઉ.વ.૧૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રચિત કડવાતર, ભરત મેઘનાથી અને અશોક મેઘનાથીનું નામ આપી જણાવ્યું હતું કે, તે તેના નાના ભાઈ રીયજ સાથે મોહસિનભાઈ સલીમભાઈ સોરઠીયાના મકાનમા રહી તેમની ચીકનની દુકનમા નોકરી કરે છે. ગઈકાલે રાત્રીના ૧૦ વાગ્યાની આસપાસ તે તેના ભાઈ સાથે ચીકનની દુકાને હતા ત્યારે રચીત કડવાતર, ભરત મેઘનાથી અને અશોક મેઘનાથી દુકાને ચીકન લેવા આવેલ અને તેઓ વધારાનુ ચીકન માંગતા તેને ના પાડતા રચીત કડવાતરે તેની જાતે દુકાનમાંથી લેગપિસ અને કલેજી લઈ લીધેલ જેથી તેને વાધારાનું લીધેલ ચીકન પાછુ મુકી દેવાનુ કહેતા તે ઉશ્કેરાઈ ગયેલ અને દુકાનની બહાર બોલાચાલી ઝઘાડો કરવા લગેલ અને ગાળો આપી હતી.દરમિયાન તેના ભાઈ રીયાજ દુકાનમાંથી બહાર આવી છોડાવવા વચ્ચે પડતા ભરત મેઘનાથી અને અશોક મેઘનાથીએ તેમના ભાઈને ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને રચીત કડવાતરે તેની પસે રહેલ છરી વડે રીયાજને કપાળના ભાગે એક ઘા ઝીંકી દેતાં તેને લોહી નીકળવા લાગતાં ૧૦૮ મારફતે સારવારમાં ખસેડેલ હતાં. ત્યારે પોલીસ આવી જતાં ભરત મેઘનાથી અને અશોક મેઘનાથીને પોલીસની ગાડીમા બેસાડી પોલીસ મથકે લઈ ગયેલ હતાં. ગાંધીગ્રામ પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# ગૌ માતાનું દૂધ : સર્વશ્રેષ્ઠ દૂધ



દૂધ એ 'સંપૂર્ણ આહાર' તરીકે ઓળખાય છે. તેમાં વિટામિન 'સી' સિવાય તમામ વિટામિન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીના દૂધનો ઉપયોગ આહાર તરીકે થાય છે, જેમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દૂધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે, કારણકે દૂધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દૂધથી આપણા શરીરને ભરપુર માત્રામાં કેલ્શીયમ મળે છે. દૂધમાં પ્રોટીનની માત્રા પણ સારા પ્રમાણમાં છે. સામાન્યરીતે તેમાં ૮૫% જેટલું પાણી હોય છે અને બાકીનાં ભાગમાં તમામ પોષક તત્વો હોય છે. દૂધમાં પ્રોટીન, કેલ્શીયમ તેમજ રીબોફ્લેવીન(વિટામીન બી) સૌથી વધારે પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત વીટામીન એ, ડી, કે અને ઈ તથા ફૉસ્ફરસ, મૅગ્નેશીયમ, આયોડીન તેમજ અન્ય ખનીજો અને ચરબી હોય છે. દૂધમાં રહેલું પ્રોટીન ઈન્ફેકશનથી પણ બચાવે છે. ઘણી એવી માન્યતાઓ છે કે દુધ કેલ્શિયમનાં કારણે સફેદ હોય છે, પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લિટરે ૧.૨૭ ગ્રામ કેલ્શિયમ અને ૩૩ ગ્રામ કે તેથી વધુ પ્રોટીન હોય છે. પ્રોટીનની ઘણી જાત છે. પરતું દુધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાતનું પ્રોટીન બીજા કોઈપણ ખાદ્યપદાર્થમાં હોતું નથી. કેસીનની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયનાં દૂધ કરતાં ભેસનાં દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દૂધ વધુ સફેદ હોય છે. આયુર્વેદના જુદા જુદા ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ દૂધમાં ગાયનાં દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સંહિતામાં જણાવ્યા મુજબ 'ગવ્યં દશગુણં પયઃ' એટલે કે ગાયનાં દૂધમાં દશ ગુણ છે. મહર્ષિ ચરક અન્નપાન વિધિ વિષેનાં અધ્યાય (સૂત્રસ્થાન-અધ્યાય ૨૭)માં દૂધને 'ક્ષીરં જીવયતિ' કહીને તે જીવનદાતા હોવાનું જણાવે છે. દુધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દુધમાં તમામ પોષક તત્વો હાજર હોય છે. આયુર્વેદ પ્રમાણે કહેવાય છે કે સવારે ખાલી પેટ દૂધ ન પીવું જોઈએ. સવારે દૂધ પીનારને ગેસની સમસ્યા થઈ શકે છે, પણ જેમની પાચનશક્તિ સારી છે તે સવારે નિયમિત રીતે દૂધ પી શકે છે. વ્યાયામ કરનારા લોકો માટે સવારે દૂધ પીવું નુકશાનદાયક નથી. નાસ્તો કર્યા બાદ મતલબ ચટપટુ કે નમક, મસાલાવાળી વસ્તુઓ સાથે કે તે ખાધા પછી દૂધ ન પીવું જોઈએ. તેનાથી નુકસાન થઈ શકે છે. સૂતી સમયે દૂધ પીવાની એક શરત છે કે સાંજનું ભોજન કર્યા બાદ ત્રણ કલાક થઈ જવા જોઈએ, જેથી અમાશય ખાલી થઈ ચૂકયું હોય. સૂતી વખતે દૂધ પીવાથી લાભ થાય છે, કારણ કે દૂધ પીધા બાદ સૂઈ જવાથી કોઈ પદાર્થ પેટમાં જતો નથી અને દૂધ સહેલાઈથી પચી જાય છે અને ગુણકારી રહે છે.

# ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પ્રવાહ પસંદગી અંગે માર્ગદર્શન વર્કશોપનું આયોજન

રાજકોટ:જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ દ્વારા ધોરણ ૧૦ બાદ વિદ્યાર્થીઓ માટે પ્રવાહની પસંદગી અને કારકિર્દી ઘડતર માટે મુજવણ અનુભવતા વિદ્યાર્થીઓ માટે સચોટ અને તર્કસભર માહિતી સાથે વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોની રાહબરીમાં આગામી તા. ૧૮ થી ૨૪ અપ્રિલ દરમિયાન બે વર્કશોપના આયોજન થવા જઈ રહ્યા છે. જેમાં ધોરણ ૧૦ બાદ વાણિજય પ્રવાહ પસંદગી માટે તા. ૧૮ થી ૨૦ એપ્રિલ તથા હ્યુમિનીટી પ્રવાહ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે તા. ૨૨ થી ૨૪ એપ્રિલ દરમિયાન વર્કશોપના આયોજન કરાયા છે. આ વર્કશોપ નિ:શુલ્ક રહેશે પણ ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૧૭ એપ્રિલ પહેલા રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય રહેશે.

ધોરણ ૧૦ ના પરિણામ બાદ બાળકો અને વાલીઓ માટે કયા પ્રવાહની પસંદગી કરવી એ ખૂબ મોટો યક્ષપ્રશ્ન બની રહેતો હોય છે. સમાજમાં બાળકો ઉપર વિજ્ઞાન પ્રવાહની પસંદગી માટે ખૂબ દબાણ રહેતું હોય છે. પરંતુ બાળકની રુચી, તેની ક્ષમતા, કૌશલ્યો, સામાજીક અને આર્થિક પ્રવાહો વગેરે ઘણી બાબતોને લક્ષમાં રાખી બાળકના સફળ ભવિષ્યની પસંદગી કરવાની થતી હોય છે. આજના સમયમાં કોમર્સ અને આર્ટસ પ્રવાહ પસંદ કરી અને ઘણા ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકીર્દિ ઘડવાના વિકલ્પો ઉપલબ્ધ છે. આ મુંજવણ ભરેલા સમયમાં નિષ્ણાતોનો અભિપ્રાય, જીવનના ચડાવ-ઉતાર જેવી બાબતો જો વાલીઓ અને બાળકો સાંભળે તો તેમને પોતાના માટે નિર્ણય લેવો ખૂબ સરળ બની રહે છે.

તા. ૧૮, ૧૯ અને ૨૦ દરમિયાન વાણિજય પ્રવાહ અંગે માર્ગદર્શન અપાશે, જેમાં વ્યવસાય, વેપાર અને નાણાની ગતિશીલ દુનિયા ઉપરાંત એકાઉન્ટિંગ, અર્થશાસ્ત્ર અને માર્કેટિંગ જેવા વિષયોની જાણકારી તેમજ બેંકિંગ, મેનેજમેન્ટ અને ઉદ્યોગસાહસિકતા જેવી આકર્ષક કારકિર્દીની તકો વિશે આંતરદષ્ટિ મેળવવાનો મોકો પ્રાપ્ત થશે. જયારે ૨૨ થી ૨૪ દરમિયાન હ્યુમિનીટી પ્રવાહ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને તેમનામાં રહેલી સર્જનાત્મકતાને ઉજાગર કરવા, ભાષાઓ, સાહિત્ય અને લલિત કલાના સમૃદ્ધ વિશ્વમાં પ્રવેશ કરવા ઉપરાંત મનોવિજ્ઞાન, ઈતિહાસ અને વિઝયુઅલ આર્ટ જેવા વિષયો તેમજ ડિઝાઈન, મીડિયા, શિક્ષણ અને પર્ફોર્મિંગ આર્ટસ સહિતની કલાઓમાં કારકિર્દીના વિવિધ માર્ગો વિશે જાણવા મળશે.

આ વર્કશોપ આયોજકો દ્વારા નિ:શુલ્ક રાખવામાં આવ્યો છે, પરંતુ ગુગલ ફોર્મની લીંક દ્વારા રજીસ્ટ્રેશન (https://forms.gle/pqWVSLMxs3qNmviK6 ) કરાવવુ જરુરી છે. વધુ વિગત માટે મો. નં. ૭૮૭૪૩૩૦૨૩૦ અથવા ૯૪૦૯૧૦૨૭૯૬ ઉપર જીનિયસ સ્કૂલનો સંપર્ક કરી શકાશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભારત એટલે રાષ્ટ્ર ગૌરવ

આપણે ભારતીય છીએ એનું આપણને ગૌરવ હોવું જોઈએ. પ્રાચીન કાળથી જ આપણો દેશ ભારત તરીકે ઓળખાતો. પરંતુ જ્યારથી અંગ્રેજો આવ્યા. ત્યારથી આપણો દેશ ભારતમાંથી ઇન્ડિયા બની ગયો ભારત પણ જેટલા આક્રમણો થયા એમાંના મોટા ભાગ ના લોકોએ આપણી વિરાસત ને નષ્ટ કરવા ના જ કામ કર્યા છે. મુસ્લિમ આક્રમણ કારોએ હિન્દુત્વનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો આજથી તારીખે આપણા દેશમાં રહેતા આપણા જ દેશનું અન્ન ખાતા અનેક લોકો એવા છે જે આપની સંસ્કૃતિને આપણી આગવી પહેચાનને નષ્ટ કરવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છ તેઓ ધર્મ વિરોધી છે સંસ્કૃતિના વિરોધી છે વંદે માતરમ ગાવામાં તેને તકલીફ છે. ભગવાન રામ ક્યારે થયા હતા તેના અસ્તિત્વ અંગે તેઓ સબૂત માંગે છે તેઓ ભારતને ઇન્ડિયામાં માને છે ઇતિહાસ પણ તેને વિકૃત કરી નાખ્યો છે ભારતના ઇતિહાસના મધ્યયુગને તેવો અંધકાર યુગ કહે છે પરંતુ સાચા અર્થમાં જુઓ તો તે નવજાગરણનો યુગ હતો. પાઠ્યપુસ્તકમાં પણ આ રીતના ઉલ્લેખો આજની તારીખે ચાલુ રહ્યા હતા પરંતુ હવે તેમાં સુધારો કરવામાં આવી રહ્યો છે

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગની સમિતિએ તમામ ધોરણોનાં પાઠ્યપુસ્તકોમાં 'ઇન્ડિયા'ને બદલે 'ભારત' લખવાની ભલામણ કરી છે. સમિતિના અધ્યક્ષ સી. આઈ. આઈઝેકના જણાવ્યા પ્રમાણે સમિતિએ અભ્યાસક્રમમાં 'પ્રાચીન ઇતિહાસ'ને બદલે ક્લાસિકલ હિસ્ટરી રાખવા અને તમામ વિષયોના અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પ્રણાલીનો સમાવેશ કરવાનું સૂચન પણ કર્યું છે.

'ભારત' યુગો જૂનું નામ છે. ૭૦૦૦ વર્ષ જૂના વિષ્ણુ-પુરાણ જેવા પ્રાચીન શાસ્ત્રમાં પણ ભારત નામનો ઉલ્લેખ છે. આઈઝેકે જણાવ્યું છે કે, હાલનાં પાઠ્યપુસ્તકોમાં દેશની નિષ્ફળતાનું વર્ણન છે, પણ મોગલ અને સુલતાનો પર આપણા વિજયનો ઉલ્લેખ નથી. સમિતિએ વિવિધ યુદ્ધોમાં હિન્દુઓના વિજયને હાઈલાઈટ કરવાની ભલામણ કરી છે. જોકે, સમિતિની ભલામણો પર હજી સુધી કોઇ નિર્ણય નથી લેવામાં આવ્યો.

નવા પુસ્તકોમાં ઇન્ડિયાના સ્થાને ભારત શબ્દના ઉપયોગને કેટલું મહત્ત્વ મળે છે એ ભવિષ્યની વાત છે, પરંતુ સ્કૂલો માટે જે નવું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં તરફેણ કરવામાં આવી છે કે દેશની નવી પેઢીને ભારત અને ભારતીયતાથી સાંકળીને રાખવામાં આવે. આ માટે તેઓને દેશનાં તમામ પાસાં વિશે પુસ્તકો દ્વારા ભણાવવામાં આવે જેનાથી તેઓ દેશ વિશે સારી રીતે જાણી અને સમજી શકે. આથી દરેક વિષયનાં પાઠ્યપુસ્તકમાં ઉદાહરણો પણ ભારતીય જ રાખવાનું કહેવામાં આવ્યું છે.

અંગ્રેજોએ ભારતીય ઇતિહાસને ત્રણ ભાગોમાં વિભાજિત કર્યો હતો, જેમાં પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સામેલ છે. આમાં ભારતને અંધકારમય, વિજ્ઞાન અને પ્રગતિથી અનભિજ્ઞ જણાવાયો છે. આ જ કારણે સમિતિનું સૂચન છે કે ભારતીય ઇતિહાસને ક્લાસિકલ કાળનો મધ્યકાલીન અને આધુનિક કાળ સાથે ભણાવવામાં આવે. ભારત નામ પહેલીવાર અધિકૃત રીતે ત્યારે પ્રકાશમાં આવ્યું હતું જ્યારે સરકારે જી૨૦ શિખર સંમેલન દરમિયાન પ્રસિડેન્ટ ઓફ ઇન્ડિયાના બદલે, પ્રેસિડેન્ટ ઓફ ભારતના નામથી નિમંત્રણ મોકલ્યાં હતાં.

આપણે જે પ્રચાર-યુગમાં જીવી રહ્યા છીએ, તેમાં શ્રેય લેવાનો લોભ હવે આવશ્યક સંવાદો પર હાવી થઈ રહ્યો છે, જ્યારે કે આ લોકતંત્રના મૂળ આત્માથી વિપરીત છે.

# જેની ચોખ્ખી દાનત એ કુદરત પાસે લાયક

## ખેતી માટે જમીન ખરીદવા નગરશેઠ પાસેથી ધીરાણની રકમ લઈને ખેતમજૂર પોતે ઘેર જતો હતો અને રસ્તામાં નાણું પડી ગયું. એની માએ સાચવેલી પોતાની મરણમૂડીની પૂરી રકમ કાઢી ને ભરપાઈ કરવા દીકરાને શેઠ પાસે પરત મોકલ્યો

**અલપ ઝલપ** -ડો. મનહર ઠાકર

વેપાર ધંધાથી ધીકતા નગરની આજુબાજુના દસ-બાર ગામડાંનું હટાણું આ નગરમાં હતું. આસપાસના દસેક ગામડાંના લોકો આ નગરમાં દરરોજ બળદગાડાં લઈને ગામ આખાની ખરીદી કરવા આવતા. તેથી આ નગરના વેપારીઓ ધીકતો ધંધો કરતા હતા. અહીંના એક મોટા વેપારી, જેને સૌ નગરશેઠ કહેતા હતા તે પોતે નાણાં ધીરધારનો ધંધો પણ કરતા. એ વખતે રાણી સિક્કાનું નાણું ચલણમાં હતું. એટલે કોઈને પૈસે ટકે ખેંચ પડે તો આ નગરશેઠ પાસેથી રાણી સિક્કાના રૂપિયા ધીરધારમાં લેવાતા.

આ નગરની નજીકના એક ગામડે ખેતમજૂરી કરતો એક યુવાન પોતે બે બળદ અને એક ગાડું રાખીને ગામ આખાનું હટાણું કરવા માટે આ નગરમાં આવતો. એના પરિવારમાં એ પોતે અને એની મા આ બે જણ જ હતાં. મા પણ ગામમાં મજૂરી કરતી. આમ મા દીકરાનું ગુજરાન ચાલતું.

દીકરાને એક વખત વિચાર આવ્યો કે જિંદગીભર આ વૈતરું અને ખેતમજૂરી કરવા કરતાં જો થોડી ખેતીની જમીન ખરીદી લેવાય તો પોતાના સમય અને શક્તિથી જાત મહેનતે ખેતી કરીને એક ખેડૂત બની શકું. એટલે તેણે નગરમાં ગામનું હટાણું કરવા જતી વખતે નગરશેઠનો સંપર્ક કર્યો. નગરશેઠે એની વિગત જાણી અને એક સો રાણીસિક્કાના રૂપિયા તેને ગામડે ખેતીની જમીન લેવા માટે ધીર્યા. સાંજના ટાણે પોતે શેઠે આપેલા એક સો રાણીસિક્કાના રૂપિયા એના બળદગાડાના આગળના ભાગે પોતાની થેલીમાં એ પોટલી મૂકીને બળદના ધોસરા સાથે બાંધી દે છે. પોતાને ગામડે જવા તેણે બળદગાડું હંકાર્યુ .

સૂર્યાસ્ત થઈ ગયો છે. નગર અને પોતાના ગામડાની વચ્ચે ધૂળિયે મારગ એનું ગાડું હાલ્યું જાય છે. અંધારાના ઓળા ઊતર્યા ને લોકોની અવર-જવર અટકી ગઈ છે. આખો કેડો અત્યારે તો સૂનો છે. આથમણે સૂર્ય આથમી ગયો છે ને ઉગમણે ચાંદો ઉગ્યો છે. સીમ ખેતરની વચ્ચે થઈને ગાડું ગામ તરફ હાલ્યું જાય છે. કેડાની બન્ને બાજુ વાડીઓના શેઢે લહેરાતાં ઝાડવાં પર આશરો લીધેલાં પક્ષીઓ પણ પોતાના માળે મૂંગા થઈ રાતવાસો કરવા લપાઈ ગયાં છે. ઝાડવાંની ડાળીઓનાં પાંદડાઓની વચ્ચે ગળાઈને આવતા ચાંદાના અજવાળે ધૂળિયો મારગ ઝાંખો ઝાંખો દેખાય છે. પોતે ગાડું લઈને ગામને પાદર થાતો પોતાના ફળિયે આવી પહોંચ્યો. ડોશીમાએ ફળિયાની ઝાંપલી ઉઘાડી. ગાડું ફળિયામાં આવ્યું. દીકરાએ ધોસરેથી બળદને છોડ્યા. ત્યારે ધોસરી પર બાંધેલી થેલી ઉતારતી વખતે તેને ખ્યાલ આવ્યો કે થેલીમાંથી શેઠે આપેલા રાણીસિક્કા ભરેલી પોટલી તો એમાં નથી. જે થેલીમાં પોટલી મૂકેલી એ થેલી ફાટી ગઈ હતી અને રાણીસિક્કાના વજનથી શેઠે આપેલી પૈસા ભરેલી થેલી રસ્તામાં પડી ગઈ. એ પોતે અકળાયો. બળદને નિરણ કર્યું અને માએ વાળુ કાઢ્યું પણ ભૂખ નથી એમ કરીને જમવા બેઠો નહીં. એ આકુળ વ્યાકુળ થઈને અહીં તહીં , ફળિયામાં, ગામને પાદર, અડધા કેડા સુધી ફરી વળ્યો પણ અંધારું છવાઈ ગયું હતું. ચાંદો પણ આથમી ગયો હતો. એવા ટાણે એ નીરાશ થઈને પાછો વળ્યો. ઘરે આવ્યો ત્યારે માને અણસાર આવી ગયો કે દીકરો કોઈ ભારે મૂંઝવણમાં છે. માએ પૂછ્યું, 'બેટા !તને કાંઈ તકલીફ છે ? તું કોઈ ફિકરમાં છો ? '



દીકરો માની પાસે બેસી ગયો.પોતાની મૂંઝવણ જણાવી, 'જમીન લેવા માટે નગરશેઠ પાસેથી એક સો રાણીસિક્કા ધિરધારથી મેં લીધા અને આવતીકાલે આપણે જમીનનો સોદો કરવાની વાત હતી. પણ આપણી આ થેલી ફાટી ગઈ ને એમાંથી રાણીસિક્કાવાળી પોટલી ક્યાંક પડી ગઈ છે. હવે જમીન ખરીદવાની વાત તો ભૂલી જવાની પણ એક સો રાણીસિક્કા, હું શેઠને પાછા ક્યાંથી આપી શકું ? આપણે ખેતમજૂરમાંથી સારા ખેડૂત કદી નહીં બની શકીએ !!! બસ, આ વિચારોને લીધે હવે મને ખાવું ભાવતું નથી.'

માએ દીકરાના માથે હાથ મૂકીને કહ્યું, ' મારા પેટ ! ભલે આપણે જમીન તો નહીં લઈ શકીએ પણ તને ખબર નથી કે મેં જિંદગીભર મહેનત મજૂરી કરીને મારી મરણમૂડી માટે સંઘરેલું નાણું આપણા રસોડામાં ચુલાની આગૂણમાં રાખની નીચે ખાડો ગાળીને દાટ્યું છે. મારી આખી જિંદગીની કમાણી, જે મરણમૂડીરૂપે સાચવી છે, તે એક સો રાણીસિક્કાના રૂપિયા છે. સવારે જઈને તું શેઠને એ આપી આવજે અને કહેજે કે આ તમારા એક સો રાણીસિક્કાના રૂપિયા પાછા. અમારે જમીન લેવાની જે વાત હતી તે બંધ રહી છે. હવે વાળુ કરીને એયને ફકર ચિંતા કર્યા વગરનો સૂઈ જા હો. ' વહેલી સવારે રાખમાંથી કાઢીને માએ એક સો રાણીસિક્કા નવી નક્કોર થેલીમાં બાંધીને દીકરાને આપ્યા. નગરશેઠ પોતે નગરમાંથી વહેલા પરોઢિયે દોરી લોટો લઈને નગરના સીમાડાની વાડીઓમાં નાહવા ધોવા માટે એ જ ગામના ધૂળિયે માર્ગે ઉપડ્યા છે. થોડું અંધારું છે પણ એ ધૂળિયે મારગ અમુક અંતર કાપ્યા પછી એના પગમાં કંઈક અથડાયું. તેનો ખડખણાટ અવાજ થયો. એટલે પોતે નીચે નમીને જોયું તો જે ખેતમજૂરને પોતે એક સો રાણીસિક્કાની પોટલી આપી હતી એ જ એના પગમાં આવી. પોતે પોટલી ઉપાડી લીધી.

વાડીએથી નાઈ ધોઈને શેઠ પોતે ઘરે આવી ગયા છે. શિરામણ કરીને બેઠા છે. એવા ટાણે ગામડેથી પોતાની માએ આપેલા એક સો રાણીસિક્કા લઈને ખેત મજૂર શેઠ પાસે હાજર થયો. શેઠે વિચાર્યું કે, 'આ શું જવાબ આપે છે ? એના મનમાં શું વિચાર છે ?'

શેઠે કહ્યું , 'બોલો ભાઈ ! સવારના પહોરમાં વળી શું આવવું થયું ? ' 'શેઠબાપા ! ગઈકાલે સાંજે હું તમારી પાસેથી જે આ નાણું લઈ ગયો હતો તે પાછું આપવા આવ્યો છું. હવે અમારે જમીન ખરીદવાની નથી. એટલે આપના એક સો રાણીસિક્કા પાછા આપવા આવ્યો છું. લ્યો, ગણી લ્યો.' શેઠે રાણી સિક્કા હાથમાં લીધા એને જોયા ને કહ્યું, 'ભાઈ ! આ મેં આપેલા રાણીસિક્કા નથી. કારણ કે આ સિક્કા તો રાખવાળા છે. મારા સિક્કા તો રાખ વગરના હતા. આ તો તમે રાખવાળા આપો છો. જે મારે નથી લેવા.'

'શેઠબાપા ! અહીંથી સાંજે અંધારું થઈ ગયા પછી ધૂળિયે મારગ ગામડે જતી વખતે મારી થેલીમાંથી તમે આપેલા રાણીસિક્કાની પોટલી ક્યાંક પડી ગયેલી. એટલે મારી માએ મહેનત મજૂરી કરીને પોતાની મરણમૂડી માટે ભેળાં કરેલા ને ચૂલામાં રાખ નીચે દાટી રાખેલા આ સિક્કા તમને આપવા માટે મને અત્યારના પ્હોરમાં મોકલ્યો છે. '

# ડિફેન્સ અટાચી : ભારત વિશ્વમાં ડંકો વગાડશે?

## ભારત મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્વદેશી શસ્ત્રોનું નવું બજાર ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યું છે

**કરંટ ટોપિક**

ભારત સરકાર હવે ચીન સાથે રાજદ્વારી રીતે સ્પર્ધા કરવા માટે વિશ્વના અન્ય દેશો સાથે તેની ભાગીદારીને પ્રોત્સાહન આપી રહી છે. તાજેતરમાં ભારત સરકારે એક મોટો અને ચોંકાવનારો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર વ્યૂહાત્મક સંબંધો અને સંરક્ષણ સહયોગને મજબૂત કરવા માટે ઘણા દેશોમાં ડિફેન્સ એટેચની નિમણૂક કરવા જઈ રહી છે. આ નિમણૂકો આફ્રિકન દેશો, પોલેન્ડ અને ફિલિપાઈન્સ સહિત ઘણા દેશોમાં થવાની છે. તેનું કારણ આફ્રિકા અને દક્ષિણ ચીન સાગરમાં ચીનનો વધતો સૈન્ય પ્રભાવ માનવામાં આવે છે

૭૦ દેશોના ૧૨૦ થી વધુ સંરક્ષણ એટેચ ભારતમાં તૈનાત છે, તેમની સંખ્યા વધારવાની ભલામણો અન્ય દેશોમાંથી સતત ભારતમાં આવી રહી છે. તે જ સમયે, પ્રથમ વખત, ભારત આર્મી, નેવી અને એરફોર્સના ૧૫-૧૬ નવા સંરક્ષણ એટેચ પણ તૈનાત કરવા જઈ રહ્યું છે, જે પોલેન્ડ, આર્મેનિયા, ટાન્ઝાનિયા, મોઝામ્બિક, જીબુટી, ઇથોપિયા જેવા દેશોમાં મોકલવામાં આવશે. ભારત મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્વદેશી શસ્ત્રોનું નવું બજાર ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તાજેતરમાં જ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારતની સંરક્ષણ નિકાસ છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વધી છે, જે ૨૦૧૪માં રૂપિયા ૧,૦૦૦ કરોડ હતી તે અત્યારે રૂપિયા ૧૬,૦૦૦ કરોડ થઇ ગઇ છે. જે ૨૦૨૮-૨૯ સુધીમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન (નિવૃત્ત) અનુસાર, અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા મહત્વના દેશો માટે માત્ર ફ્લેગ રેન્કના અધિકારીઓની પસંદગી કરવામાં આવે છે. લશ્કરી રાજદ્વારી તરીકેની જવાબદારી નિભાવવા માટે તાલીમ પછી કડક પસંદગી પ્રક્રિયા છે. લશ્કરી બાબતોમાં ઉચ્ચ કુશળ હોવા ઉપરાંત, અધિકારીઓને તે ક્ષેત્રમાં નિપુણતા પણ હોવી જોઈએ. જેમાં સંયુક્ત તાલીમ, સંરક્ષણ સાધનો, શસ્ત્રો અને દારૂગોળાની સપ્લાય સંબંધિત સંરક્ષણ સહયોગ જેવા કાર્યોનો સમાવેશ થાય છે.

આફ્રિકામાં શસ્ત્રોના વેચાણની ઘણી સંભાવનાઓ છે અને જે રીતે ભારત મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ સ્વદેશી શસ્ત્રો વિકસાવી રહ્યું છે તેનાથી સમગ્ર વિશ્વમાં ભારતની લોકપ્રિયતા વધી રહી છે. જ્યારે અન્ય દેશો ભારતમાં બનેલા હથિયારોને પ્રાથમિકતા આપી રહ્યા છે કારણ કે ભારત સાથે કોઈ રાજકીય વિવાદ જોડાયેલો નથી.

પરંતુ આફ્રિકામાં બજારો શોધવાના અન્ય કારણો છે. નાના આફ્રિકન દેશ જિબુટીમાં ડિફેન્સ એટેચની તૈનાતી અંગે નિષ્ણાતો કહે છે કે જિબુટી વ્યૂહાત્મક રીતે પૂર્વ આફ્રિકામાં સ્થિત છે અને તે લાલ સમુદ્ર અને એડનની અખાતની આસપાસનું મુખ્ય દરિયાઈ કેન્દ્ર છે. તેથી તેને લશ્કરી થાણા માટે યોગ્ય સ્થળ તરીકે જોવામાં આવે છે. ચીને સૌપ્રથમ ૨૦૧૭ માં જીબુટીમાં તેનું લશ્કરી મથક સ્થાપ્યું, તેને લાલ સમુદ્રમાં પ્રવેશ આપ્યો. ત્યારથી, હિંદ મહાસાગર ક્ષેત્રમાં આફ્રિકન પૂર્વ કિનારેથી મલક્કાના સ્ટ્રેટ સુધી સુવિધાઓ સ્થાપિત કરવા માટે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે.

આફ્રિકામાં મોટી સંખ્યામાં દેશો છે જેમને સમર્થન અને સહાયની જરૂર છે. લશ્કરી ટેક્નોલોજીનું વેચાણ આમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમનું કહેવું છે કે ચીને સંરક્ષણ પુરવઠામાં નોંધપાત્ર લીડ હાંસલ કરી છે અને ભારતે પણ આગળ વધવાની જરૂર છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ભારતની અધ્યક્ષતામાં ૫૫ દેશોના બનેલા આફ્રિકન યુનિયનને ઞ-૨૦ના સ્થાયી સભ્ય તરીકે પ્રવેશ મળ્યો હતો. તે જ સમયે, ભારત વિશ્વભરમાં ૨૬ નવા મિશન ખોલવાની તૈયારી કરી રહ્યું છે, જેમાંથી ૧૮ આફ્રિકન દેશોમાં હશે.

ઈથોપિયા, મોઝામ્બિક અને આઈવરી કોસ્ટમાં ડિફેન્સ એટેચને તૈનાત કરવાનો નિર્ણય આફ્રિકન દેશો સાથે સૈન્ય વ્યૂહરચના વધારવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો છે. જોકે, ભૂતકાળમાં પણ ઈથોપિયામાં સંરક્ષણ એટેચ મોકલવામાં આવ્યા છે. ૧૯૭૦ ના દાયકાના મધ્યમાં મેંગિસ્ટુ હેલે મરિયમના શાસન દરમિયાન, રાજધાની અદીસ અબાબામાં સંરક્ષણ એટેચીની પોસ્ટ કરવામાં આવી હતી. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, સંરક્ષણ એટેચીની તૈનાતીથી એવો સંદેશ જશે કે આફ્રિકા ભારત માટે મહત્વપૂર્ણ છે. વધુમાં, આ લશ્કરી સહયોગ અને શસ્ત્રોના વેચાણની શક્યતાઓ પણ ખોલશે, કારણ કે ઘણા આફ્રિકન દેશો તેમની સેનાને આધુનિક બનાવવા માટે કામ કરી રહ્યા છે.

તે જ સમયે, ચીન આફ્રિકામાં તેની વ્યૂહાત્મક ભાગીદારી પણ વધારી રહ્યું છે, જેના કારણે તેને આ દેશોમાં ઘૂસણખોરી કરવાની તક મળી છે. પરિસ્થિતિની તાકીદને સમજીને ભારતે પણ આફ્રિકન દેશો સાથે લશ્કરી દાવપેચ વધાર્યા છે.

# સનાતન ધર્મમાં શું શું આવે છે એનું પરમજ્ઞાન

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

## સનાતન ધર્મ વિશે સૌથી વધુ વાતો થાય છે સર્વ કોઈ સનાતન ધર્મમાં શું આવે છે તે જાણવા માંગે છે સામાન્ય રીતે માનવામાં આવે છે કે સનાતન ધર્મ એટલે વાર તહેવાર વ્રત ઉપવાસ પૂજા ઉપાસના ને યોગ પરંતુ સનાતન ધર્મ નો જ્ઞાન મેળવવું દરેક વ્યક્તિએ અત્યંત જરૂરી હોવાથી સનાતન ધર્મમાં શું આવે છે તે જાણવાનો પ્રયાસ કરીએ

સૌથી પહેલા સનાતન ધર્મમાં આવે છે ચાર વેદ. આ ચાર વેદ ક્યા છે તે દરેકે જાણવું જરૂરી છે. આ ચાર વેદમાં સૌથી જૂનામાં જૂનો અને સૌથી પહેલો આવે છે ઋગ્વેદ. બીજો યજુર્વેદ ત્રીજો સામવેદ અને ચોથો અથર્વવેદ સનાતન ધર્મના ઇતિહાસમાં જે ગ્રંથો આવે છે તે નીચે મુજબ છે. ઋગ્વેદમાં જ્ઞાન છે. યજુર્વેદમાં કર્મકાંડ છે. સામવેદમાં ઉપાસના છે. અને અથર્વવેદમાં વિજ્ઞાન છે. ઋગ્વેદમાં ૧૦૫૮૯ મંત્ર છે. યજુર્વેદમાં ૧૯૭૫ મંત્ર છે. સામવેદમાં ૧૮૭૫ મંત્ર છે. અથર્વવેદમાં ૫૯૭૭ મંત્ર છે

સૃષ્ટિના આરંભમાં ચારેય વેદ ઈશ્વરને સમાધિ અવસ્થામાં ચાર ઋષિઓને દીધા.

સનાતન ધર્મમાં મંત્રોથી રોગ નિવારક શક્તિ નું પ્રદાન કેવી રીતે થાય છે તે જાણવા જેવું છે.

આધુનિક મેડિકલ વિજ્ઞાન કેન્સરને અસાધ્ય ગણે છે પરંતુ કેન્સરનો રોગી જો રોજ સવારે ઓમ નમઃ શિવાય સંભવે કરકે સાઈ નમઃ આ મંત્રનો જાપ ૧૦૮ વખત કરે તો તેને ધીમે ધીમે કેન્સરમાં રાહત થશે અને પૂર્ણ શ્રદ્ધા હશે તો ચોક્કસ મટી જશે. આ ઉપરાંત મગજને લગતા રોગોમાં ઓમ ઉમાદેવ્યાભ્યા નમઃ મંત્રનો નીચે જાપ કરવાથી સીર દર્દ હીસ્ટીરિયા યાદ શક્તિની કમી મંદબુદ્ધિ વગેરે રોગોમાં ખૂબ જ ફાયદો થાય છે.

હૃદય રોગમાં ઓમ નમઃ શિવાય સંભવૈયુહેશાય નમઃ મંત્રનો જાપ કરવાથી અને સૂર્ય નમસ્કાર કરવાથી હૃદય રોગમાં રાહત થાય છે. ધીમે ધીમે આ રોગ મટે છે.

આવી જ રીતે તમામ રોગો દૂર કરવાના ઉપાયો શાસ્ત્રોમાં આપેલા છે. અનેક પ્રકારની મનોકામના પૂર્ણ કરવા માટેના પણ મંત્ર છે. ગ્રહ કલેશ દૂર કરવાના પણ મંત્ર છે. વ્યાપાર થી જોડાયેલી મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માટે પણ ઓમ ગણેશ મહાલક્ષ્મી એ નમઃ મંત્ર છે. રોગમુક્તિ થવાના પણ ગણપતિના મંત્રો છે. સંતાન પ્રાપ્તિના પણ મંત્રો છે. આવી રીતે જીવનની તમામ સમસ્યાઓ મંત્રોથી દૂર કરવા માટેના મંત્રો છે. આ ઉપરાંત ૧૨ રાશીના બાર મંત્ર છે. જે રાશિમાં પનોતી ચાલતી હોય કે અન્ય કંઈ મુશ્કેલી હોય તો બારે બાર રાશિના મંત્રો યોગ્ય વિદ્વાન વ્યક્તિની સલાહથી કરવાથી તેમાં ફાયદો થાય છે. આ ઉપરાંત ભગવાન ધનવંતરીએ દવા વગર પણ ચિકિત્સા કેવી રીતે થઈ શકે તેના પણ મંત્રો આપેલા છે.

પ્રકૃતિને શરણે જવાથી અને પ્રકૃતિના નિયમોનું પાલન કરવાથી પણ રોગ દૂર થઈ શકે છે. આ માટે નૈસર્ગિક ચિકિત્સા પદ્ધતિ પણ છે. આયુર્વેદ કહે છે કે દુનિયામાં એવી કોઈ વનસ્પતિ નથી કે જેનો રોગ મટાડવામાં ઉપયોગ ન થઈ શકે. અહીં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આ વિશેનું જ્ઞાન બહુ ઓછા લોકો પાસે છે. અને સૌથી વધુ પોતાની જાતને બુદ્ધિ જીવી ગણતા કહેવાતા વિદ્વાન (?)લોકો આ વસ્તુને હમબક માને છે!! તે આપણા દેશની સૌથી મોટી કમનસીબી છે. પ્રાચીન સમયમાં ભગવાન ધનવંતરી મહર્ષિ પતંજલિ મહર્ષિ ચરક જેવા ઋષિઓ હોય થી માંડી ઝંડુ ભટ્ટ જેવા આયુર્વેદના નિષ્ણાતોએ આયુર્વેદનો પ્રચાર કર્યો. બાબા રામદેવ જેવા એ યોગનો પ્રચાર કર્યો. આપણા ગુજરાતના રાજશ્રી મુનિએ કાયાવરોહ ધામમાં યોગનું સૌથી મોટું કેન્દ્ર સર્વ કર્યું જાકડ ગામે પણ યોગ મંદિર બની રહ્યું છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગનો વ્યાપક પ્રચાર કરવામાં આવી રહ્યો છે તે આનંદની વાત છે. આ સિવાય યોગ અલગ અલગ પદ્ધતિથી લોકો અપનાવી રહ્યા છે જેમાં વિપસ્યના, સહજયોગ, તથા અષ્ટાંગિયોગ, કર્મયોગ, રાજયોગ, ભક્તિ યોગ, જ્ઞાન યોગ સહિતના વિવિધ યોગ માર્ગ નો સમાવેશ સનાતનમાં કરવામાં આવ્યો છે.વર્તમાન સમયમાં અનેક વિદ્વાનો અને યોગ નિષ્ણાતો આ અંગે કાર્ય કરી રહ્યા છે યોગગુરૂ આર જે જાડેજા આમાં અત્યંત મહત્વપૂર્ણ વ્યક્તિ છે. જેણે યોગને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જઈ મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. તેઓ ૮૦ કરતા વધુ વય ની વ્યક્તિ હોવા છતાં આજે એક યુવાનને શરમાવે તેવી રીતે યોગ માટે સમર્પિત બનીને જબરજસ્ત કાર્ય કરી રહ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા દરેક નાના મોટા શહેરોમાં યોગ ટ્રેનર દ્વારા યોગના ક્લાસ ચાલી રહ્યા છે. આ બાબતમાં શ્રેષ્ઠ જાણકારી અને યોગનું પ્રેક્ટીકલ જ્ઞાન ઘર ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. યોગ સંસ્કાર નામની પત્રિકા ચાલી રહી છે. જે વિના મૂલ્ય સર્વને મોકલવામાં આવી રહી છે.

સામાન્ય જનતાને તેની જાણકારી આપવામાં આવી રહી છે. હિન્દુ ધર્મના ઉત્સવોને મહત્વ આપવામાં આવી રહ્યો છે.યાત્રાધામોનો જબરજસ્ત વિકાસ થઈ રહ્યો છે રામ મંદિર બની ચૂક્યું છે રામનવમી ના દિવસે અવધપુરી માં ભવ્ય પ્રોગ્રામોનું આયોજન થઈ રહ્યું છે. ગામો ગામ ધર્મની જાગૃતિના કાર્યો ઝડપથી થઈ રહ્યા છે.

આમ ઘણું સારું કામ થયું છે પરંતુ આપણે સૌએ આ બાબતમાં વધુ જ્ઞાન મેળવીએ અને સર્વ જગતમાં સૌ સુખી થાય સર્વને હેલ્થ વેલ્થને હેપીનેસ મળે તે માટે પ્રયાસ કરીએ અને એ જ આપણા સનાતન ધર્મનો મુખ્ય હેતુ છે. સનાતનમાં સંકટથી બચવા માટેના મંત્રો છે. વિઘ્ન વિનાશ માટેના મંત્રો છે. દુઃખ નાશ ના પણ મંત્રો છે. સર્વ રક્ષા મંત્ર છે. શરીર રક્ષા મંત્ર છે. દેહ રક્ષા મંત્ર છે. સર્વ સિદ્ધિ રક્ષા મંત્ર છે. આ ઉપરાંત આ બધું સાહિત્ય આપણા પ્રાચીન ઋગ્વેદ યજુર્વેદ સહિતના ગ્રંથોમાં આપેલું છે. જેનો અભ્યાસ કરવામાં આવે તો ખ્યાલ આવે કે સનાતન કોને કહેવાય સનાતન ધર્મનું મહત્વ શું છે?

સનાતન ધર્મમાં ચાર ઉપવેદ આવે છે જેમાં અથર્વવેદ ધનુર્વેદ ગંધર્વ વેદ અને આયુર્વેદ નો સમાવેશ થાય છે આયુર્વેદ ના અનેક પેટા ગ્રંથો પણ છે જે પ્રાચીન સમયના ઋષિમુનિઓ અને વિદ્વાન લોકોએ લખેલા છે સનાતન ધર્મમાં ૧૦૮ ઉપનિષદ આવે છે

સનાતન ધર્મમાં ૧૮ પુરાણ આવે છે જેમાં બ્રહ્મ પુરાણ વિષ્ણુ પુરાણ શિવપુરાણ ભાગવત પુરાણ નારદપુરાણ માર્કંડીપુરાણ અગ્નિ પુરાણ ભવિષ્ય પુરાણ બ્રહ્મ વહીવટ પુરાણ લિંગ પુરાણ વરાહપુરાણ સ્કંદપુરાણ વામનપુરાણ કર્મ પુરાણ મત્સ્ય પુરાણ ગરુડ પુરાણ બ્રહ્માંડ પુરાણ અને વાયુ પુરાણ ૧૮ મુ પુરાણ છે આવા ૧૮ પુરાણમાં આપણે માત્ર શ્રીમદ ભાગવત અને ગરુડ પુરાણ નો જ પરિચય છે બાકીના ગ્રંથો ખૂબ જ વિસ્તૃત છે.

સનાતન ધર્મમાં વેદાંગ આવે છે આવા છ વેદાંગ છે જેમાં સૌથી પહેલા વ્યાકરણ જ્યોતિષી નિરૂપતા શિક્ષા છંદ અને કલ્પસૂત્ર એવા છ વેદના અંગો છે. સનાતન ધર્મ વિશે એમ કહેવાય છે કે સર્વોત્તમ વિદ્વાન વ્યક્તિ જ લખવા બેસે તેનું આખું જીવન પૂર્ણ થઈ જાય તો પણ સનાતન નો એક અંશ માંડ માંડ લખી શકે એક હિન્દુ તરીકે દરેક વ્યક્તિને સનાતન પ્રત્યે ભગવાન રામ પ્રત્યે ભગવાન શિવ સહિતના સર્વે દેવો પ્રત્યે પરમ શ્રદ્ધા હોવી જરૂરી છે અને તેનું ગૌરવ પણ હોવું જોઈએ.

# અમેરિકાના નવા સ્પેસ મિશન સાથે અવકાશમાં સાચા અર્થમાં 'સ્ટાર વોર' થવાની સંભાવના



કેલિફોર્નિયા,
સ્પેસમાં અમેરિકા અને તેના સાથીઓની રક્ષા માટે બનાવવામાં આવેલી યુ.એસ. સ્પેસ ફોર્સે ભ્રમણકક્ષામાં એટલે ઓન-ઓર્બિટ મિલિટરી મિશન માટે ખાનગી સ્પેસ કંપનીઓ રોકેટ લેબ અને ટ્રૂ એનોમલી સાથે પાર્ટનરશિપ કરી છે. આ મિશનની જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે, યુએસ સ્પેસ કમાન્ડના કમાન્ડર જનરલ સ્ટીફન વ્હાઈટિંગે અમેરિકી સેનેટની આર્મ્ડ સર્વિસીસ કમિટીને જણાવ્યું હતું કે, ચીન અને રશિયાએ અવકાશ ક્ષેત્રને 'વોર ઝોન' એટલે કે, યુદ્ધ ક્ષેત્રમાં પરિવર્તિત કર્યું છે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, ચીન અવકાશ ક્ષેત્રમાં હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે. આ પહેલી વખત નથી જ્યારે, અમેરિકાની કોઈ સંસ્થાએ સરકારને ચીનની અવકાશના ક્ષેત્રમાં મહત્ત્વકાંક્ષી યોજના વિશે અવગત કરાવી છે. યુએસ અધિકારીઓના મતે, અમેરિકાએ ૧૯૬૯માં એપોલો ૧૧ને ચંદ્ર પર ઉતારીને પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. આ સાથે જ સોવિયત યુનિયન સાથે 'કોલ્ડ વોર' સ્પેસ સ્પર્ધાનો અંત આવ્યો હતો. આ ઘટનાના ૫૫ વર્ષ બાદ સ્પેસ ક્ષેત્રમાં પણ દક્ષિણ ચીન સમુદ્ર જેવી સ્થિતિ પેદા ન થાય તે માટે યુએસ સ્પેસફોર્સે હવે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# ઈટાલીમાં સરોગસી માટે $1 મિલિયન સુધીનો દંડ અને જેલની સજા થઈ શકે છે

ઈટાલી,
વિશ્વભરમાં સરોગસીને લઈને વિવિધ પ્રકારના નિયમો અને નિયમો છે. કેટલાક દેશોમાં તેને કાયદેસર રીતે માન્ય ગણવામાં આવ્યું છે જ્યારે ઘણા દેશોમાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ દરમિયાન ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ આ અંગે ટિપ્પણી કરી છે. તેણે કહ્યું કે સરોગસી "અમાનવીય" છે. મેલોનીએ તેની સામે સખત દંડને સમર્થન આપ્યું છે, જેમાં ઈ૧ મિલિયન સુધીના દંડ અને કેટલાક વર્ષોની જેલનો સમાવેશ થાય છે. ઈટાલીમાં સરોગસી પર પહેલાથી જ પ્રતિબંધ છે, પરંતુ ઈટાલીની પાર્ટી મેલોની બ્રધર્સે આ અંગે એક બિલ રજૂ કર્યું છે. આ બિલમાં એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે સરોગસી કરનાર વ્યક્તિએ ૧ મિલિયન યુરો સુધીનો દંડ ભરવો પડશે. તેમજ જેલની સજા જે હાલમાં ત્રણ મહિનાની હતી તે વધારીને બે વર્ષ કરવી જોઈએ. મેલોનીએ શુક્રવારે રોમમાં કહ્યું હતું કે "હું માનું છું કે સરોગસી એક અમાનવીય પ્રથા છે. હું બિલને સમર્થન આપું છું જે તેને વૈશ્વિક સ્તરે ગુનો બનાવે છે. વાસ્તવમાં, ઈટાલિયન પીએમની આ ટિપ્પણીને કેથોલિક ચર્ચના મંતવ્યો અનુસાર માનવામાં આવી રહી છે. પોપ ફ્રાન્સિસે સરોગસીને સંબોધતા કહ્યું કે તે બાળક અને મહિલા બંનેની ગરિમાનું ઉલ્લંઘન કરે છે. સરોગસી અન્યોને તેમના મનસ્વી લાભ અથવા ઈચ્છાને વશ કરવા માટે માત્ર એક માધ્યમ બની જાય છે.

# શાર્ક ટેન્ક ઈન્ડિયાના શો દરમિયાન પિચર્સને આપવામાં આવેલા ચેક નકલી




મુંબઈ,
'શાર્ક ટેક્ક ઈન્ડિયા' એક લોકપ્રિય ટેલિવિઝન શો છે. આ શોમાં પિચર્સ એક બિઝનેસ આઈડિયા લઈને આવે છે જ્યાં જો શાર્કને તેમનો આઈડિયા ગમતો હોય તો બંને સાથે મળીને બિઝનેસ ડીલ કરે છે. દેશના પ્રખ્યાત બિઝનેસમેન અમિત જૈન 'શાર્ક ટેક્ક ઈન્ડિયા'માં જજની ભૂમિકામાં જોવા મળે છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અમિત શો સાથે જોડાયેલા ઘણા રસપ્રદ ખુલાસા કરતા જોવા મળ્યા હતા.

અમિત જૈન 'શાર્ક ટેક્ક ઈન્ડિયા'ના લોકપ્રિય જજમાંથી એક છે. શોમાં તે ખૂબ જ રસપ્રદ રીતે પોતાના વિચારો રજૂ કરતી જોવા મળે છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અમિતે કહ્યું હતું કે 'શાર્ક ટેક્ક ઈન્ડિયા'ના શો દરમિયાન પિચર્સને આપવામાં આવેલા ચેક નકલી છે. તેઓ ફક્ત બતાવવા માટે આપવામાં આવે છે કે પિચર્સ અને શાર્ક વચ્ચે સોદો કરવામાં આવ્યો છે.

અમિત જૈન કહે છે, 'જુઓ, શો દરમિયાન કરવામાં આવેલા તમામ બિઝનેસ ડીલ્સ વાસ્તવિક છે, માત્ર પિચરોને આપવામાં આવેલા ચેક નકલી છે.

# આ વર્ષે અમરનાથ યાત્રા ૨૯મી જૂન ૨૦૨૪થી શરૂ થશે અને ૧૯મી ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમાના રોજ સમાપ્ત થશે

મુંબઈ,
આ વર્ષે અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થશે. અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૧૫મી એપ્રિલ ૨૦૨૪, સોમવારથી શરૂ થશે. આ યાત્રા ૧૯મી ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમાના રોજ સમાપ્ત થશે એટલે કે તે ૪૫ દિવસની હશે. જે લોકો આ યાત્રા પર જવા માંગે છે તે સત્તાવાર વેબસાઈટ https://jksasb.nic.in પર નોંધણી કરાવી શકે છે.

અમરનાથની વાર્ષિક યાત્રા બે માર્ગો દ્વારા થાય છે - અનંતનાગ જિલ્લામાં પરંપરાગત ૪૮ કિમી લાંબો નુનવાન-પહલગામ માર્ગ અને ગાંદરબલ જિલ્લામાં ટૂંકા અને સાંકડા ૧૪ કિમીનો બાલટાલ માર્ગ. આ યાત્રાનું આયોજન જમ્મુ અને કાશ્મીર સરકાર અને શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું છે.

અમરનાથ તીર્થધામ જમ્મુ અને કાશ્મીરમાં શ્રીનગર શહેરથી ઉત્તર-પૂર્વ દિશામાં ૧૩૫ કિલો મીટર દૂર સમુદ્રતટ કરતાં ૧૩,૬૦૦ ફૂટ જેટલી ઊંચાઈ પર આવેલી એક પહાડી ગુફામાં સ્થિત છે. આ ગુફાની લંબાઈ (અંદર તરફની ઊંડાઈ) ૧૯ મીટર અને પહોળાઈ ૧૬ મીટર જેટલી છે.



# ૧૫ વર્ષ બાદ હવે 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' શો બંધ થશે, મેકર્સને લીગલ નોટિસ મળી

મુંબઈ,
'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' ૧૫ વર્ષથી ચાલી રહી છે અને તેની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે. લોકો હજુ પણ આ શોને પસંદ કરે છે અને તે લાંબા સમયથી ટોચના પાંચ શોમાંથી એક છે. આ શોનો ક્રેઝ વધી રહ્યો છે. આ દરમિયાન, શો સંબંધિત સમાચાર આવ્યા કે તેને બંધ કરવાની નોટિસ મળી છે. આ બધાની વચ્ચે રાજન શાહીએ શોને લઈને પોતાનું મૌન તોડ્યું છે. મેકર્સે આ મામલે કહ્યું હતુ કે તેમને આ શો માટે નોટિસ મળી છે પણ આવી નોટિસ મળવાથી શોની ્ ઈં વધે છે. તે 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ની ખૂબ નજીક રહ્યા છે. તે શોમાં આવતા ઉતાર-ચઢાવમાંથી પસાર થયા છે. ઘણી વખત ટીઆરપી ઘટી હતી અને ઘણી વખત શો લાંબા સમય સુધી ચાલવાને કારણે ટ્રોલ થયો હતો. રાજન શાહીએ તાજેતરમાં એક ઈફતાર પાર્ટીનું આયોજન કર્યું હતું, જ્યાં 'અનુપમા', 'આય કુથે ક્યા કરતે', 'બાતેં કુછ અન કહી સી', 'વો તો હૈ અલબેલા', 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' અને બીજા ઘણા શોના કલાકારો આમંત્રિત કર્યા હતા. તેણે તે તમામ કલાકારોને પાર્ટીમાં આમંત્રિત કર્યા જેમની સાથે તેણે પહેલા કામ કર્યું છે. પાર્ટી દરમિયાન તેમણે મીડિયા સાથે વાત કરી હતી. 'ટેલી ચક્કર' સાથે વાત કરતાં રંજન શાહીએ આખી વાત કહી. નિર્માતાએ 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' વિશે વાત કરી અને ખુલાસો કર્યો કે તેને શો બંધ કરવાની નોટિસ મળી છે. તેણે શેર કર્યું કે તેને પ્રોગ્રામિંગ ટીમ તરફથી નોટિસ મળી છે પરંતુ દરેક વખતે કંઈક રસપ્રદ બને છે. તેણે ખુલાસો કર્યો કે જ્યારે પણ નોટિસ આવે છે કે યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ્ ઈં વધી છે અને તે આવી વસ્તુઓને એક પડકાર તરીકે લે છે અને બીજું કંઈ નહીં. હાલમાં 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ની ચોથી પેઢીની વાર્તા ચાલી રહી છે. આ શોમાં સમૃદ્ધિ શુક્લા, રોહિત પુરોહિત, ગરવિતા સાધવાની, અનિતા રાજ, સલોની સંધુ, શિવમ ખજુરિયા, ઋષભ જયસ્વાલ, શ્રુતિ રાવત, સંદીપ કુમાર, વિનીત રૈના, સંદીપ રાજોરા, ગૌરવ શર્મા, શ્રુતિ ઉલ્ફત, શેરોન વર્મા, પ્રીતિ પુરી સિધ્ધાર, સિધ્ધાર અને શ્રુતિ છે. છે. તેની વાર્તા દરરોજ વધતા ટ્વિસ્ટ સાથે રસપ્રદ બની રહી છે.

# 'સિંઘમ અગેઇન' દિવાળીની આસપાસ રિલીઝ થાય તેવી શક્યતા

મુંબઈ,
રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' ૧૫મી ઓગસ્ટે રિલીઝ થવાની હતી. એ જ દિવસે અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨ ધ રુલ' પણ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. જો કે લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે 'સિંઘમ અગેઈન' પોસ્ટપોન થઈ શકે છે. કદાચ નિર્માતાઓ પુષ્પા ટુ સાથે ટકરાવથી બચવા માંગે છે. સૂત્રોના કહેવા પ્રમાણે આ ફિલ્મને સ્થગિત કરવામાં આવી છે. કારણ કે હજુ સુધી ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થયું નથી. આશા છે કે જલ્દી નવી રિલીઝ ડેટ



જાહેર કરાશે. હવે દિવાળીની આસપાસ 'સિંઘમ અગેઈન' રિલીઝ થાય તેવી શક્યતા છે. રોહિત અને અજય દેવગનને ફિલ્મને લઈને કોઈ ઉતાવળ નથી. એક સૂત્રએ જણાવ્યું કે, રોહિત શેટ્ટી, અજય દેવગન અને આખી ટીમ ફિલ્મના શૂટિંગ માટે દિવસ-રાત લાગેલી છે, જેથી આ ફિલ્મ ૧૫મી ઓગસ્ટે ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થકે. જોકે, શૂટિંગમાં ધારણા કરતા વધુ સમય લાગી રહ્યો છે, કારણ કે 'સિંઘમ અગેઈન' જેવી એકશન અને વીએફએકસ આધારિત ફિલ્મ પર ખૂબ ધ્યાન આપવું પડે તેમ છે તેથી રોહિત શેટ્ટી અને અજય દેવગન ઉતાવળ કરવા ઈચ્છતા નથી. તેઓ ઈચ્છે છે કે સ્કેલ અને વિઝન સાથે કોઈ બાંધછોડ ન થાય.

# નેપોટિઝમ હોય કે ન હોય, હું અહીં છું. કોઈના પિતા પાસે ઉદ્યોગ નથી - વિદ્યા બાલન

મુંબઈ,
બોલિવૂડ એક્ટ્રેસ વિદ્યા બાલને ફિલ્મોમાં આવતા પહેલા ઘણો સંઘર્ષ કર્યો હતો. પરંતુ આજે અભિનેત્રીએ પોતાના દમ પર ઘણું નામ કમાઈ લીધું છે. તેની ફિલ્મોને ખૂબ પસંદ કરવામાં આવે છે અને તેના શ્રેષ્ઠ અભિનય માટે તેને ઘણા પુરસ્કારો મળ્યા છે. હવે અભિનેત્રીએ ઈન્ડસ્ટ્રીમાં નેપોટિઝમ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

બોલિવુડ ઈન્ડસ્ટ્રીને દુનિયાની સૌથી મોટી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંની એક ગણવામાં આવે છે. દર વર્ષે આ ઈન્ડસ્ટ્રીમાં ઘણી ફિલ્મો આવે છે. આ ફિલ્મો ઘણી કમાણી કરે છે અને દર્શકોને સંપૂર્ણ મનોરંજન પણ આપે છે. પરંતુ અન્ય ઉદ્યોગોની જેમ આ ઉદ્યોગ પણ વિવિધ પ્રકારના આક્ષેપોથી ઘેરાયેલો છે.

સૌથી મોટો આરોપ નેપોટિઝમનો છે. નેપોટિઝમના કારણે સ્ટાર્સને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરવામાં આવે છે. હવે ઈન્ડસ્ટ્રીમાં પોતાના દમ પર સ્થાન બનાવનાર અભિનેત્રી વિદ્યા બાલને નેપોટિઝમ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે.ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરતા અભિનેત્રીએ કહ્યું - નેપોટિઝમ હોય કે ન હોય, હું અહીં છું. કોઈના પિતા પાસે ઉદ્યોગ નથી, નહીંતર દરેક પિતાનો પુત્ર, દરેક પિતાની પુત્રી સફળ થઈ હોત. હું મારી પોતાની વસ્તુઓ કરવામાં ખુશ છું.



# જાન્હવી કપૂર એક દિવસ બોલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક હશે

મુંબઈ,
બોલિવૂડમાં ઘણી અભિનેત્રીઓ આજે સફળતાના શિખરો પર છે, તેનું કારણ તેમની ગ્લેમરસ બોડી અને એક્ટિંગ છે. જો કે, એવી કેટલીક અભિનેત્રીઓ છે, જેમને તમે થોડા વર્ષો પહેલા જોયા હોત, તો તમે વિશ્વાસ ન કર્યો હોત કે એક દિવસ તેઓ બોલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક હશે. જાન્હવી કપૂરનું નામ પણ આવી અભિનેત્રીઓમાં સામેલ છે, જેની ઝલક માટે આજે લાખો લોકો દિવાના છે. જહાન્વી આજે સોશિયલ મીડિયા સેન્સેશન છે, પરંતુ થોડા વર્ષો પહેલા એવું નહોતું. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તમે શરત લગાવો છો કે તમે તેને પહેલી નજરમાં ઓળખી શકશો નહીં. જાહ્નવી કપૂરનો આ વીડિયો ઘણા વર્ષો જૂનો છે, જેમાં તે તેની માતા શ્રીદેવી સાથે જોવા મળી રહી છે. આ એક પ્રેસ કોન્ફરન્સ છે જ્યાં શ્રીદેવી અને તેની પુત્રી જહાનવી કપૂર બેઠી છે. પછી પત્રકારો જહાન્વીને કેટલાક પ્રશ્નો પૂછવા લાગે છે, તેના અભિનય કારકિર્દી વિશે પણ પ્રશ્નો પૂછવામાં આવે છે. આ દરમિયાન જોઈ શકાય છે કે જહાન્વીને હિન્દી બોલવામાં પણ તકલીફ થઈ રહી છે. તે બરાબર કહી શકતી નથી કે તે અત્યારે અભ્યાસ કરી રહી છે. આ પછી જહાન્વી બાકીના જવાબ અંગ્રેજીમાં આપે છે. આ વીડિયોમાં જહાન્વીની ઉંમર લગભગ ૧૬-૧૭ વર્ષની લાગે છે.



# લગ્નના ૪ વર્ષ પછી નેહા અને રોહનપ્રીતના સંબંધોમાં તિરાડ



મુંબઈ,
બોલિવૂડના સૌથી લોકપ્રિય સિંગર નેહા કક્કર અને રોહનપ્રીત સિંહ અવારનવાર તેમના લગ્નને લઈને ચર્ચામાં રહે છે. આ દરમિયાન, ઘણા અહેવાલો સામે આવ્યા છે કે નેહા અને રોહનપ્રીતના સંબંધોમાં તિરાડ આવી ગઈ છે અને બંને છૂટાછેડા લેવાના છે. આ અંગે સોશિયલ મીડિયામાં પણ ઘણી ચર્ચા થઈ રહી છે કે ચાર વર્ષ બાદ રોહન અને નેહા કેમ અચાનક છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. ત્યારે આ અંગે રોહન પ્રીતે એક ઈન્ટવ્યૂ દરમિયાન તેના લગ્નજીવનને લઈને વાત શેર કરી હતી.

બોલિવૂડની સૌથી પોપ્યુલર સિંગર નેહા કક્કડ પોતાના અવાજથી લોકોને દિવાના બનાવતી રહે છે અને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના જીવન સાથે જોડાયેલ દરેક અપડેટ ફેન્સ સાથે શેર કરતી રહે છે. આ દિવસોમાં અભિનેત્રી રિયાલિટી શો સુપર સ્ટાર સિંગર ૩ માં જજ તરીકે જોવા મળે છે.

# કોંગ્રેસ માટે મોટી મુશ્કેલી બન્યા પૂર્વ નેતા, અત્યાર સુધી ૩૦૦૦ કોંગ્રેસીઓને ભાજપમાં ખેંચી ગયા

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ભાજપ અને કોંગ્રેસ સહિત મોટાભાગના પક્ષોમાંથી નેતાઓ, કાર્યકરો, ધારાસભ્યો તથા સાંસદોની પક્ષપલટાની જાણે ઋતુ આવી ગઇ છે. આ સૌની વચ્ચે એવા ઘણાં નેતાઓ છે જેમના સમર્થકો પણ તેમની સાથે પાર્ટી છોડી રહ્યા છે. કોંગ્રેસ માટે આવા જ એક નેતા મુશ્કેલી બની ગયા છે કે જેમના આશરે ૩૦૦૦ જેટલા કોંગ્રેસી સમર્થકોએ કેસરિયો ધારણ કરી લીધો છે.

કોંગ્રેસ છોડી ચૂકેલા પૂર્વ ધારાસભ્ય અજય કપૂરે એક કાર્યક્રમ આયોજિત કર્યો હતો. આ ભાજપના ભરતી મેળા સમાન જ કાર્યક્રમ હતો જેમાં આશરે ૩૦૦૦ જેટલા કોંગ્રેસીઓએ પંજાનો સાથ છોડી કમળનો ફૂલ ઝાલી લીધો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેમાં ઘણાં પૂર્વ કાઉન્સિલરો પણ સામેલ હોવાનો ખુલાસો થયો છે.

કોંગ્રેસમાં મચેલી નાસભાગ રોકાઈ રહી નથી. પૂર્વ ધારાસભ્ય અજય કપૂર પ્રત્યે આસ્થા ધરાવતા કાનપુર બુંદેલખંડ ઝોનના કોંગ્રેસ સેવાદળના યુવા બ્રિગેડના પ્રદેશ અધ્યક્ષ સંગીત તિવારી, ૯ જિલ્લા અધ્યક્ષ સહિત અનેક પદાધિકારીઓએ કોંગ્રેસના નેતૃત્વને રાજીનામું મોકલી દીધું હતું જેમાં લખ્યું હતું કે પાર્ટીના નેતાઓ એસીમાંથી બહાર જ નીકળતા નથી. એટલા માટે અમે હવે ભાજપમાં જઈ રહ્યા છીએ. સેવા દળના નેતા સંગીતે રાજીનામામાં લખ્યું કે સ્થાનિક એકમોની ચૂંટણીમાં કોંગ્રેસ સેવાદળના અનેક કાર્યકરોને મહત્ત્વ અપાયું હતું પણ લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં તેમને ભુલાવી દેવાયા. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ મોટી મુશ્કેલીમાં મૂકાઇ ચૂકી છે. તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયેલા તેના વરિષ્ઠ નેતા અજય કપૂર કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતા.

# લોકસભા ચૂંટણી અંતર્ગત વિધાનસભા-૬૮ના મધ્યસ્થ કાર્યાલયનું દબદબાભેર ઉદઘાટન

## દેશની જનતા ચૂંટણી પ્રક્રિયાથી આગળ છે :'કમળ' તરફી મતવર્ષા કરી દેશવાસીઓ નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી ટર્મમાં પ્રધાનમંત્રી બનાવવા મકકમ છે : પરશોતભાઈ રૂપાલા

રાજકોટ

ભાજપ દ્વારા શહેરની ચારેય વિધાનસભા મત વિસ્તારમાં સઘન ચૂંટણીલક્ષી કામગીરી અને સંગઠનને વધુ સુદૃઢ કરી પ્રચાર-પ્રસાર કાર્ય અને લોક્સંપર્કને વધુ વેગવંતો બનાવવા વિધાનસભા વાઈઝ કાર્યાલય કાર્યરત કરવામાં આવનાર હોય તે અંતર્ગત વાળા, રાજકોટ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.આ તકે ઉપસ્થિત મહેમાનો તેમજ કાર્યર્ક્તા ભાઈઓ-બહેનોનું શબ્દોથી સ્વાગત કરતાં શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશીએ જણાવેલ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત કરવા આગામી તા. ૭ મે ના રોજ મોટા પ્રમાણમાં મતદાન

### કમળ ભારતીય વિધારધારાનું પ્રતિક છે, ભાજપએ રાષ્ટ્રહિતની નવી વિચારધારા આપીને દેશને એક નવી દિશા આપી છે: રૂપાલાજીને ૫ લાખથી વધુ લીડથી વિજયી બનાવવા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર્તા કૃતનિશ્ચયી બને : ઉદયભાઈ કાનગડ

વિધાનસભા-૬૮ના મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન ધારાસભ્ય ઉદયભાઈ જનસેવા કાર્યાલય, પેડક રોડ ખાતે તેમજ વિશાળ જાહેર સભાનું આયોજન શહેરના કુવાડવાર રોડ ખાતે ડાયમંડ પાર્ટી પ્લોટ ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના અધ્યક્ષસ્થાને અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વિરેન્દ્રસિહ ઝાલા, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લીંબાશીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, કરણાભાઈ માલધારી, સ્ટેન્ડીગ ચેરમેન જયમીન ઠાકર, તેમજ જીતુભાઈ મકવાણા, ઘનશ્યામભાઈ હેરમા સહીતના કરાવીને આપણા ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને રાજકોટને છાજે તેવી ઐતિહાસિક લીડથી વિજયી બનાવીને દિલ્હી મોકલાવીએ એ જ આજના દિવસનો સંકલ્પ લઈએ.

આ તકે ઉદયભાઈ કાનગડએ વિધાનસભા- ૬૮ની ભૌગોલિક, સાંસ્કૃતિક અને સામાજિક



પિરસ્થિતિનો પિરચય આપતા જણાવેલ કે યુ.કે.( ઉપલો કાંઠો)) વિસ્તારની તાસીર અલગ છે. અહીંના લોકો લાગણીસભર અને પ્રેમાળ છે. અહીં પશ્ચિમી સંસ્કૃતિનો રંગ લાગ્યો નથી.શહેરના વોર્ડ- ૪,૫ અને વોર્ડ-૧૬ના કોંગ્રેસના આગેવાનો તથા કાર્યર્ક્તાઓએ ભાજપમાં જોડાઈને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કેસરીયો ખેસ ધારણ ર્ક્યો હતો અને ઉપસ્થિત મહાનુભાવોએ તમામ કાર્યર્ક્તાઓને ભારતીય જનતા પાર્ટીમા આવકાર્યા હતા. આ તકે પરશોતભાઈ રૂપાલાએ જણાવેલ કે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ ઉપલા કાંઠાનો સરસ પિરચય ભાજપ સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાનો લાભ પહોંચાડવા તેમજ પ્રજાજનોના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે જન સેવા કાર્યાલય ધબક્તું કરીને લોકો સાથે જીવંત સંપર્ક-સવાંદ કેળવીને સરકાર અને પ્રજાજનો વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવી છે.વધુમાં તેઓએ જણાવેલ કે વર્તમાન સમયમાં સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભ વર્ણવે અને તા. ૭ મે ના રોજ વધુમાં વધુ મતદાન થાય તે માટે ભગિરથ પ્રયાસો કરવાનો સંકલ્પ લે.આ કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ અને અંતમાં આભારદર્શન શહેર ભાજપ

### સૌ કાર્યકર્તાઓના અથાક પરિશ્રમથકી પરશોતભાઈ રૂપાલાને ઐતિહાસિક લીડથી વિજયી બનાવીને રાજકોટથી 'કમળ' ખીલવીને દિલ્હી મોકલીએ, એ જ આજના દિવસોનો સંકલ્પ : મુકેશભાઈ દોશી

આપ્યો છે. અહીં ચાંદીનો જવેલેરીનો ઉદ્યોગ ખુબ વિકસ્યો છે, આસપાસના ૫૦ કૃ મિ.ના લોકોને રોજગારી આપવાનું કામ આ ઉદ્યોગ કરે છે. સૌરાષ્ટ્રનું એક પણ ગામ એવું નહી હોય કે અહીં ધંધા-રોજગાર અર્થે વસ્યા ન હોય. ત્યારે ઉદયભાઈ કાનગડએ પોતાના મત વિસ્તારમાં કેન્દ્ર અને રાજયની દેશની જનતા ચૂંટણી પ્રક્રિયાથી આગળ છે અને સમગ્ર દેશમાં પોતાના મતરૂપી મ્હોર થકી કમળ ખીલવી નરેન્દ્રભાઈ મોદીને કેન્દ્રમાં ત્રીજી ટર્મમાં વડાપ્રધાન બનાવવા મકકમ નિર્ણય કરી લીધેલ છે. ત્યારે આજના દિવસે પ્રત્યેક કાર્યર્ક્તા ભાઈઓ-બહેનો તેમના સામાજિક-પારિવારિક વર્તૃળમાં કેન્દ્ર મહામંત્રી અશ્વીનભાઈ મોલીયાએ કરેલ. આ તકે વિધાનસભા-૬૮માં સમાવિષ્ટ શહેરના હોદેદારો રમેશભાઈ પરમાર, પરીમલ પરડવા, પુજાબેન પટેલ, ભગવતીબેન ધરોડીયા, નયનાબેન સોલંકી, બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટ રેલવે ડીવીઝન પર ભારત રત્ન ડો.બી. આર. આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની ઉજવણી



રાજકોટ,

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ભારત રત્ન ડૉ. બી. આર. આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની ઉજવણી રાજકોટ ખાતે આવેલ ઓફિસર્સ ક્લબ માં કરવામાં આવી હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી કૌશલ કુમાર ચૌબેએ કરી હતી. એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ચૌબેએ ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર કરીને અને દીપ પ્રગટાવીને તેમના ગુણોને યાદ કર્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે બોલતા શ્રી ચૌબેએ ભારતીય બંધારણના નિર્માતા ડૉ. આંબેડકરને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને બંધારણ ઘડવામાં તેમના અનન્ય યોગદાનને યાદ કર્યું હતું. આ પ્રસંગે સીનિયર ડીસીએમ શ્રી સુનિલ કુમાર મીના, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી મનીષ મહેતા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ, ટ્રેડ યૂનિયન, એસસી/એસટી અને ઓબીસી એસોસિએશન ના પદાધિકારી તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાબા સાહેબ ના વિચારોનું મંથન કર્યું હતું.

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

રાજકોટ,મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે એ રાજકોટ થી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ ચ૨૨ ટ્રીપ્સૃ ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૪.૦૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૨૨ એપ્રિલ ૨૦૨૪ થી ૦૧ જુલાઈ ૨૦૨૪ સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૩.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન

૨૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધી ચાલશે.આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી,ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે.આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ નું બુકિંગ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ થી તમામ કાઉન્ટર અને વેબસાઈટ પર ખુલશે.ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને ની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટમાં બજરંગ ટ્રસ્ટ દ્વારા ૧૦૮ જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટનું વિતરણ



રાજકોટ,

રાજકોટ બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ૧૦૮ જરૂરિયાતમંદ લોકોને ગોળ, ખાંડ, મમરા, કાચી ખીચડી, પૌવા, રવાનો લોટ, સેવ, પાપડ, નમક, છાસના પેકેટ સહીતની અનાજની કીટનું વિતરણ થયેલ .જેનો પ્રારંભ રમણભાઈ કોટકના હસ્તે થયો હતો જેમાં પ્રમુખ સ્થાને જે. ડી. ઉપાધ્યાય, ડો. કેતનભાઈ ભીમાણી, હબીબભાઈ કટારીયા, વિપુલભાઈ જોશી, ચિરાગભાઈ ધામેચા, બીઈંગ કાઈન્ડ ફાઉન્ડેશનવાળા અનિતાબેન ચાવડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ઓનલાઈન ફ્રોડ થયેલ રૂા.૭.૮૧ લાખની રકમ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવી

રાજકોટ, શહેરમાં સાયબર ફ્રોડનું પ્રમાણ વધી રહ્યું છે. ઓનલાઈન બાયજૂસમાં ટ્યુટરમાં જોબના નામે, કાશીમાં હેલિકોપ્ટર સેવાના નામે, ઈન્વેસ્ટમેન્ટના નામે, વધુ રિટર્ન મેળવવાની લાલચમાં, ક્રેડિટ કાર્ડના ચાર્જિસ સહિતના નામે અરજદારોએ ગુમાવેલ રૂા. ૭.૮૧ લાખની રકમ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઝલક નામની યુવતી સાથે બાયજૂસમાં ટ્યુટર તરીકે જોબના નામે થયેલ ફ્રોડમાં પોલીસે રૂા. ૫૮ હજારની પૂરેપૂરી રકમ, જગદીશભાઈ લશ્કરી સાથે થયેલ કાશીમાં હેલિકોપ્ટર સેવાના નામે ફ્રોડમાં રૂા. ૫૬ હજારની રકમ, રવિરાજસિંહ જાડેજા સાથે થયેલ ઈન્વેસ્ટમેન્ટના નામે રૂા. ૧ લાખ, વધુ રિટર્ન મેળવવાની લાલચમાં ઈન્વેસ્ટમેન્ટ કરવા જય દિલીપભાઈ નામના યુવાને ગુમાવેલી રકમમાંથી રૂા. ?? હજાર, બેક્ર ખાતામાંથી જયસુખભાઈ નાગજીભાઈના બેક્ર ખાતામાંથી તેની જાણ બહાર ઉપાડી લેવાયેલા રૂા. ૨.૩૯ લાખ, ક્રેડિટ કાર્ડના નામે તુષારભાઈ ચૌહાણ સાથે થયેલા ફ્રોડમાં રૂા. ૬૮ હજાર, પરેશભાઈ ધીરજલાલભાઈએ નાણાકીય ફ્રોડમાં ગુમાવેલા ૪૦ હજાર, ક્રેડિટ કાર્ડમાં લાગતા ચાર્જિસના નામે સરકારી કર્મચારી વિવેકકુમાર સાથે થયેલ ફ્રોડમાં રૂા. ૭૦ હજાર અને ઓટીપી આપ્યા વગર ક્રેડિટ કાર્ડમાંથી થયેલા ફ્રોડમાં થયેલા ધવલભાઈ તુણીયાતર સાથેના ફ્રોડમાં પોલીસે રૂા. ૭૦ હજાર મળી કુલ રૂા. ૭.૮૧ લાખની રકમ પોલીસે પરત અપાવી હતી. પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનરની સૂચના અને એસીપી બી.બી. બસિયાની રાહબરીમાં પીઆઈ એમ.એ. ઝનકાત, પીઆઈ કે.જે. મકવાણા અને ટીમોએ આ કામગીરી કરી હતી.

# રાજકોટ જિલ્લામાં યુવા મતદારોને વોટિંગ માટે પ્રેરિત કરવા ચૂંટણી તંત્ર દ્વારા ડિજિટલ કેમ્પેઈન

## ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ, ફેસબુક તથા ટ્વીટર પર પોસ્ટર-બેનર થકી મહત્તમ મતદાનની અપીલ

રાજકોટ,સોશિયલ મીડિયા આજે માહિતીના પ્રચાર-પ્રસારનું ખૂબ પ્રભાવશાળી માધ્યમ છે. અનેક યુવાનો-નાગરિકો તેનો વ્યાપક ઉપયોગ કરે છે, ત્યારે લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદાન માટે યુવાનો તેમજ નાગરિકોને પ્રેરિત કરવા રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના નિર્દેશમાં ડિજિટલ કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં કલેક્ટર તંત્રના ઈન્સ્ટાગ્રામ, ફેસબુક તથા ટ્વીટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિવિધ પોસ્ટ થકી લોકસભાની ચૂંટણીમાં અચૂક મતદાન કરવાનો સંદેશ અપાય છે.કલેક્ટર કચેરી તરફથી મળતી માહિતી મુજબ, ચૂંટણીમાં મતદારોનો ઉત્સાહ વધારવા તથા મતદાન અંગે જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આઠેય વિધાનસભા મત વિસ્તારમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી (એ.ઈ.આર.ઓ.) દ્વારા ૬૪થી વધુ ટ્વીટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્ય તથા કેન્દ્રીય ચૂંટણી પંચ કચેરીના રિ-ટ્વીટ પણ કરવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી (ડી.ઈ.ઓ.)ના સ્તરેથી, બાવન ટ્વીટ કરીને ડિજિટલી મતદારોનો ઉત્સાહ વધારવા પ્રયાસ કરાયો છે.

આ ઉપરાંત રાજકોટ કલેક્ટર કચેરી દ્વારા ફેસબુકના માધ્યમથી મતદાન જાગૃતિ માટે પૂરતો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. જેમાં ૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં ૧૫, ૭૦-રાજકોટ દક્ષિણમાં ૧૯, ૭૨—જસદણમાં ૦૫, ૭૩—ગોંડલમાં ૨૧, ૭૪ – જેતપુરમાં ૦૬, ૭૫—ધોરાજીમાં ૧૯ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી સ્તરેથી, ફેસબુક એકાઉન્ટ પર ૪૮ પોસ્ટ કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લામાં વિધાનસભા મત વિસ્તારોમાં કુલ મળીને ૨૬૩ બેનર પોસ્ટ કરાયા છે, તો વિવિધ વિધાનસભા મત વિસ્તારોમાં ૨૦ જેટલા હોર્ડિંગ્સ દ્વારા પણ મતદાન જાગૃતિ લવાઈ રહી છે. જિલ્લામાં કુલ મળીને ૩૧ જેટલા ઓડિયો મેસેજ રેડિયો પર પ્રસારિત કરીને મતદાન જાગૃતિ ઝુંબેશને વેગ અપાઈ રહ્યો છે.

-આલેખનઃ સંદીપ કાનાણી

# રાજકોટમાં કારડીયા રાજપુત સમાજ દ્વારા રામનવમી ઉજવાશે

રાજકોટ,રાજકોટ કારડીયા રાજપુત સમાજ (રાજપુત પરા) રામ મંદિરની વર્તમાન કારોબારી પ્રસંશનીય કામગીરી કરી રહી છે. સમાજમાં એકતા અને ભાઈચારો જળવાય તે માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે.

તા.૧૭ને બુધવારના રોજ રામનવમી નિમિત્તે દેવ યજ્ઞનું આયોજન કરેલ છે. જે લોકો સાતક બેસવા માંગતા હોય તેઓએ તેમના નામ મવડી ચોકડી ખાતે સમાજની વાડીએ. સાંજે ૬થી ૮ દરમ્યાન રૂબરૂ નોંધાવી જવા. સમાજના મંત્રી ગુલાબસિંહ સોલંકીની એક યાદીમાં જણાવાયું છે કે કુલ ૪૪ યુગલોની બેઠક વ્યવસ્થા છે. યજ્ઞનો સમય સવારે ૯-૩૦નો રાખેલ છે. રામ જન્મોત્સવની ઉજવણી બપોરે ૧૨ કલાકે રાખેલ છે. ત્યારબાદ પ્રસાદીનું આયોજન કરેલ છે. આ સમગ્ર કાર્યક્રમ ૨-રજપુતપરા રામમંદિર ખાતે રાખેલ છે. સાતક બેસવા ઈચ્છુક યુગલો માટે નિઃશુલ્ક વ્યવસ્થા છે.

# રાજકોટમાં કર્મયોગા એકેડેમીમાં વિજ્ઞાન જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાજકોટ,

રાજકોટ કાલાવડ રોડના કર્મયોગા એકેડેમીમાં કોલેજ કક્ષાના છાત્ર-છાત્રાઓમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. વિજ્ઞાન યુગમાં અવૈજ્ઞાનિક વર્ષા પરિસંવાદો બંધ થવા જોઈએ. ઋતુચક્રમાં ધરખમ ફેરફારોના કારણે હોળીની જાળ, ભડલી-ફડલી વરતારા કરવા મુર્ખામીનું પ્રદર્શન છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા લીલુબેન જાદવે કરી વિજ્ઞાનથી માનવ જાત સુખી-સંપન્ન થયો છે તે સ્વીકારવું પડશે. જાથાની પ્રવૃતિ સમાજ ઉપયોગી છે. આ પ્રસંગે એકેડેમીના બૌધ્ધિક પારેખ, ડો. નિરવ ગણાત્રાએ વિજ્ઞાન ટેકનોલોજીની હરણફાળ પ્રગતિની વાત કરી જુના રદી વિચારોને તિલાંજલિ આપવી જોઈએ.

# ગોંડલમાં ઓસ્ટન સિનેમા ખાતે મતદાનના મહત્વને ઉજાગર કરતું બેનર લગાવાયું

રાજકોટ ,

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકશાહીના અવસર એવી લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી બને, તે માટે કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જીજ્ઞાસાબેન ગઢવીના દિશાનિર્દેશ અનુસાર ઠેર-ઠેર મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જે અન્વયે ૭૩ - ગોંડલ વિધાનસભા મત વિસ્તારમાં પ્રાંત અધિકારીશ્રી રાહુલભાઈ ગમારાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ઓસ્ટન સિનેમા ખાતે મતદાનના મહત્વને ઉજાગર કરતું બેનર લગાવવામાં આવ્યું છે. જેથી, સિનેમા હોલમાં ફિલ્મ જોવા આવતા લોકો સુધી મત આપવા જવાનો સંદેશો પહોંચાડી શકાય. આમ, રાજકોટ સંસદીય મત વિસ્તારમાં લોકોને મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

# રાજકોટના રીજીયોનલ સાયન્સ સેન્ટર દ્વારા વર્લ્ડ આર્ટ ડે નિમિતે કલા પ્રદર્શન



રાજકોટ,

રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ દ્વારા ૧૪ એપ્રિલ, ૨૦૨૪ રવિવારે વર્લ્ડ આર્ટ ડે ની ઉજવણી કરવામાં આવેલ હતી. ૧૫ એપ્રિલ વિશ્વના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક, લેખક, સંશોધક મિકેનિક, ઈજનેર અને ચિત્રકાર એવા લિયોનાર્દો-દી-વિન્ચીૃનો જન્મૈદિવસ છે જેના માનમાં આ દિવસ વિશ્વ કલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્લ્ડ આર્ટ ડે એ લલિતકલાની આંતરરાષ્ટ્રીનય ઉજવણી છે જે વિશ્વભરમાં સર્જનાત્મશક પ્રવળત્તિની જાગળતિને પ્રોત્સા?હન આપવા માટે ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ આર્ટ અને યુનેસ્કોસ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

આ દિવસની ઉજવણીના ભાગરૂપે રીજીયોનલ સાયન્સર સેન્ટર રાજકોટ દ્વારા એક અનોખું આયોજન કરવામાં આવેલ જેમાં અને ભારતીય પરંપરાગત રમકડાઓ બનાવવાની પ્રવળતિઓ આયોજિત કરવામાં આવેલ હતી. પ્રવળતિમાં કોઈપણ મુલાકાતી દ્વારા ભારતના વિવિધ રાજ્યોનની કલાને ઓળખી તેને ભારતના નકશામાં યોગ્યક જગ્યાતએ દર્શાવવામાં આવેલ અને સ્થાધનિક માટીના કલાકાર શ્રી કિશોરભાઈ વાડોલીયા દ્વારા માટીમાંથી પરંપરાગત વાસણો અને રમકડા બનાવવાનું નિર્દશન કરવામાં આવેલ જેમાં પ્રવળત્તિમાં મુલાકાતીઓએ સ્વ હસ્તે માટીના વાસણો અને રમકડા બનાવેલ હતા.

# રાજકોટમાં આગામી મે માસથી ૫૫ નવી સી.એન.જી. સિટી બસ દોડશે

### ધૂમાડા ઓકતી તમામ ડિઝલ બસ નોનયુઝ કરાશે, નવી ૧૦૦ ઈલેક્ટ્રિક બસ આવશે



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં સીટીબસ દોડાવવામાં આવી રહી છે. જેમાં ૫૫ બસ આજે પણ ડીઝલ સંચાલીત હોય પ્રદૂષણમાં વધારો કરી રહી છે. આથી સરકાર પાસે ઈલેક્ટ્રીક અને સીએનજી બસ માંગવામાં આવેલ જે અંતર્ગત હાલ ૭૫ ઈલેક્ટ્રીક બસ શહેરમાં દોડીરહી છે અને હવે ખખડધજ ૫૫ બસના સ્થાને આગામી મે મહિનાથી નવી સીએનજી બસ દોડાવવામાં આવશે. તેમ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું છે.

આનંદ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી યોજના અંતર્ગત મહાનગરપાલિકાની સરકાર વધુ ૧૦૦ ઈલેક્ટ્રીક બસ ફાળવશે જે જૂલાઈ માસ સુધીમાં આવી જશે. પરંતુ હાલમાં શહેરમાં દોડતી ખખડધજ ડિઝલ બસના સ્થાને સીએનજી બસ દોડાવવા સરકાર પાસે બસ માંગવામાં આવેલ જે મંજુર થઈ જતાં એક સપ્તાહમાં પ્રથમ ૨૫ સીએનજી બસ ફાળવવામાં આવશે. ત્યાર બાદ વધારાની ૭૫ સીએનજી બસ આવશે આથી મે માસ દરમિયાન ૫૫ ડિઝલ બસ સામે સીએનજી બસ ચાલુ કરવામાં આવશે. હાલ બીઆરટીએસ રૂટ ઉપર અને શહેરના અન્ય રૂટ ઉપર ૭૫ ઈલેક્ટ્રીક બસ દોડી રહી છે. પ્રદૂષણની માત્રા ઓછી કરવા માટે તમામ સીટીબસ સીએનજી અને ઈલેક્ટ્રીક સંચાલીત કરવામાં આવશે. હાલમાં દોડતી ૨૦૦ ઉપરાંત વધારાની જે બસ આવશે તેના માટે જે વિસ્તારોમાંથી સીટીબસની ડિમાન્ડ કરવામાં આવી છે તેવા વિસ્તારોને પ્રાયોરીટી આપી નવા રૂટ શરૂ કરવામાં આવશે. હાલ પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ૧૦૦ ઈલેક્ટ્રીક બસ અને ૧૦૦ સીએનજી બસ રાજકોટ મહાનગરપાલિકાને ફાળવવામાં આવનાર છે. જેના લીધે સંભવત જૂલાઈ માસ સુધીમાં સંપૂર્ણપણે સીટીબસ ડિઝલ સંચાલિતમાંથી મુક્ત થઈ જશે જેના કારણે પર્યાવરણને પણ મોટો ફાયદો થશે. પ્રથમ ૨૫ સીએનજી બસ આવશે જે ડિઝલ બસ સામે મુકાશે ત્યાર બાદ વધુ ૩૦ સીએનજી બસને પણ જૂની બસના સ્થાને મુકવામાં આવશે. સીએનજી બસના ફ્યુઅલ માટે શહેરમાં અનેક જગ્યાએ પંપ કાર્યરત છે.

તેથી ઈલેક્ટ્રીક બસ કરતા સીએનજી બસને ફ્યુલ ચાર્જ માટે ઓછો સમય લાગશે. છતાં સરકાર દ્વારા આમ તમામ બસ ફાળવવામાં આવે ત્યાર બાદ અમુક બસ સ્પેરમાં રાખવામાં આવશે. જે જરૂરત પડ્યે નવા રૂટ અથવા જે રૂટ બસ રિપેરીંગના કારણે બંધ થયા હોય ત્યા દોડાવવામાં આવશે.

# રાજકોટનાં બહુમાળી ભવન ચોક ખાતે કલાકારોએ લોકોને મતદાન કરવા પ્રેરિત કરતા ચિત્રો બનાવ્યા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઠેર-ઠેર મતદાન જાગૃતિ માટેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે ગત મોડીરાત્રે ચિત્રનગરીના કલાકારોએ પણ બહુમાળી ભવન વિસ્તારમાં 'મતદાન જાગૃતિ અભિયાન'નું આયોજન કર્યું હતું. જેમાં બહુમાળી ચોક ખાતે લોકોને મતદાન કરવા પ્રેરિત કરતા ચિત્રો બનાવાયા હતા. આ ચિત્રો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.પ્રાપ્ત વિગત મુજબ લોકશાહીના અવસરમાં દેશના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જુદી-જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. તેવામાં રાજકોટના બહુમાળી ભવન વિસ્તારમાં રસ્તાઓ પર મતદાનની વિવિધ આકૃતિ બનાવી રાજકોટવાસીઓને મતદાન કરવા પ્રેરિત કરાયા હતા. આ તકે રાજકોટના સીનીયર સીટીઝન અને યુવાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કલાકોની જહેમત બાદ મતદાન જાગૃતિને લગતું વિશાળ ચિત્ર બનાવ્યું હતું. આ ચિત્રને નિહાળી અહીંથી પસાર થતા લોકો કલાકારીની પ્રશંસા કરી રહ્યા છે.

# રાજકોટ પાસેના વાવડી ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



રાજકોટ,

એસ.જી.વી.પી.ગુરુકુલના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામ, શ્યામ, ઘનશ્યામ મહારાજ તેમજ મહાદેવ પરિવાર, હનુમાનજી મહારાજ, ગણપતિદાદાની મૂર્તિપ્રતિષ્ઠા કરવામાંઆવી હતી.

પ્રતિષ્ઠા પૂર્વે મહાવિષ્ણુયાગ કરવામાં આવેલ તેમજ દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજી દ્વારા પ્રતિષ્ઠા યજ્ઞમાં આગમ શાસ્ત્ર વિધાન સાથે પ્રતિષ્ઠા ઉપચાર કરવામાં આવેલ.ત્યારબાદ તમામ મૂર્તીઓની વાજતે ગાજતે નગરયાત્રા કાઢવામાં આવેલ જેમાં ૧૦૮ કળશધારી બહેનો, રીબડા ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસમંડળી, વાવડી ગામની ધૂનમંડળી, વગેરે જોડાયા હતા.વાવડી ગામમાં હરિમંદિરમાં શ્રી રામ, શ્યામ ઘનશ્યામ મહારાજની ભવ્ય પ્રતિષ્ઠા સાથે, આજના ડિજિટલ યુગમાંની હાનિકારક અસરમાં ઉછરતી નવી પેઢીમાં બાળપણથી બાળકોમાં શારીરિક, માનસિક અને અધ્યાત્મિક વિકાસ થાય તેવા હેતુથી 'પ્રેમપ્રકાશ' જીર્ફ઼ સંસ્કાર કેન્દ્ર અને - સ્કૂલનું પણ આચાર્ય મહારાજના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ, બોરડી વાળા મંદિરથી કોઠારી રાધારમણદાસજી સ્વામી, બાલાજી મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી, વગેરે સંતોએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો.

# શહેરના વિવિધ એસો. ધ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં પરશોતભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ



રાજકોટ

શહેરના કણકોટ ખાતે પહલ પાર્ટી પ્લોટ ખાતે કેટરીંગ મંડપ ઈવેન્ટા લાઈટ અને સાઉન્ડ એસોસીએશનના સંયુકત ઉપક્રમે એક સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે રાજકોટ લોકસભા–૧૦ના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલ ઉપસ્થિત રહયા હતા.

આ તકે રૂપાલાજીએ એસોસીએશનના સર્વે સભ્યોને શુભકામના પાઠવતા કેન્દ્ર સરકારની વિવિધ વેપાર ઉદ્યોગ સહિતની સ્વરોજગારલક્ષી યોજનાઓની જાણકારી આપી વ્યવસાયના ઉત્કર્ષ માટે લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કર્ણાટકના પૂર્વ ગર્વનર વજુભાઈ વાળા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ મંત્રી અને સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપભાઈ સંઘાણી, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, તેમજ પરેશભાઈ ગજેરા, વજુભાઈ ગોલ, માવજીભાઈ ગોલ અને વિવિધ એસોસીએશના હોદેદારો કિરીટભાઈ બુધ્ધદેવ, દિપકભાઈ સંઘવી, ચંદ્રેશભાઈ મહેતા, દીપકભાઈ સાવલીયા, જીતુભાઈ પટેલ, મોન્ટુભાઈ પટેલ, અશોકભાઈ લુણાગરીયા, જગદીશભાઈ વોરા, સુરેશભાઈ રૈયાણી, બકુલભાઈ, જીતુભાઈ જોશી, વિજયભાઈ કોરાટ, રાજુભાઈ રંગાણી સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટ ટી મર્ચન્ટ એસો.અને ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ એસો.ની બેઠકમાં રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ



રાજકોટ

શહેરની ફન હોટલ ખાતે રાજકોટ ટી મર્ચન્ટ એસોસીએશન અને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસીએશનના સભ્યોની સંયુકત યોજાયેલ બેઠકમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલા એ પ્રેરક હાજરી આપી હતી. આ બંને એસોસીએશનને સ્પર્શતા પ્રશ્નો અંગે રૂપાલાજીએ વિધેયાત્મક ચર્ચા કરી હતી. અને વહીવટી તંત્રમાં સરળતા લાવવા માટે સરકાર ધ્વારા હથ ધરાયેલા કામગીરીની વિગત આપી હતી. આ બેઠકમાં કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, સભ્યોશ્રી મનોજભાઈ અનડકટ, ગોપાલભાઈ અનડકટ, દિનેશભાઈ કારીયા, મયંકભાઈ પાઉ, જયેશભાઈ કેસરીયા સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કરતા કોંગ્રેસના આગેવાનો



રાજકોટ,

બંધારણના ઘડવૈયા ડોક્ટર ભીમરાવ આંબેડકર ની ૧૩૩ મી જન્મજયંતિ નિમિત્તે હોસ્પિટલ ચોક ખાતે આંબેડકરની પ્રતિમાને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અને ફૂલહાર કરવામાં આવ્યા હતા. જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી પ્રભારી ભીખુભાઈ વારોતરીયા, બિપેન્દ્રસિંહ જાડેજા, વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, સંજયભાઈ અજુડીયા, દીપ્તિબેન સોલંકી, જશવંતસિંહ જશવંતસિંહ ભટ્ટી, સુરેશભાઈ બથવાર, હિતેશભાઈ વોરા, મેઘજીભાઈ રાઠોડ, મેરૂમબેન કુરેશી, મનસુખભાઈ કાલરીયા, હરેશભાઈ પરમાર, મનીષાબા વાળા, ગૌરવભાઈ પુજારા, દિલીપભાઈ આસવાણી, પુનમબેન રાજપૂત, ઠાકરશી ગજેરા, ડી.પી.મકવાણા, પ્રભાતભાઈ ડાંગર સહિતના કોંગી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મનપામાં એક સપ્તાહમાં જ રૂ. ૨૧.૬૧ કરોડનાં વેરાની વસુલાત

### ઓફલાઈન જ ૪.૮૨ કરોડનો વેરો ભરાયો : ૩૯૦૫૭ કરદાતાઓએ વેરો ભરપાઈ કર્યો



રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા છેલ્લા કેટલાંક મહિનાઓથી બાકી વેરાની વસુલાત ખાટે વ્યાપક ઝુંબેશ ચાલી રહી છે. વેરા વસુલાત શાખા દ્વારા ડોર ટુ ડોર કડક વસુલાત કામગીરી થઈ રહી છે. ત્યારે છેલ્લા એક સપ્તાહ દરમ્યાન વેરા વસુલાત શાખાએ ૩૯૦૫૭ કરદાતાઓ પાસેથી વેરાની જંગી વસુલાત કરી હતી. આ અંગે વેરા વસુલાત શાખાનાં જણાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ મિલ્કતવેરો તથા પાણી વેરાની ભરપાઇ કરવા માટે તા.૮-૪ના રોજ વેરો વસુલવાની કામગીરી શરૂ થયેલ છે. જેમા તા.૧૫-૪ના બપોરે ૧:૦૦ સુધીમાં ૩૯૦૫૭ કરદાતાઓ દ્વારા કુલ ૨૧.૬૧ કરોડ જેટલા વેરાની ભરપાઇ કરેલ છે. જેમાં ઓફ લાઇન(કેશ તથા ચેક) વેરો ૪.૮૨ કરોડ અને ઓન લાઇન વેરો ૧૬.૭૯ કરોડની ભરપાઇ થયેલ છે.

# દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી ટર્મમાં ચૂંટવા કટીબધ્ધ થઈએ : પરશોતભાઈ રૂપાલા

### રાજકોટ ખાતે રહેતા અમરેલી જિલ્લાના વતની એવા વિવિધ સમાજનો પરશોતમભાઈ રૂપાલાને વ્યાપક સમર્થન




રાજકોટ

શહેરના નવા રીંગ રોડ સ્થિત દિવાળી બાગ પાર્ટી પ્લોટ લોન્જ ખાતે રાજકોટ ખાતે ધંધા–વ્યવસાય અર્થે રહેતા અમરેલી જિલ્લાના વતની એવા વિવિધ સમાજ–જ્ઞાતિઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના વતની અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાનું સન્માન અને મોટી લીડથી ચૂંટી કાઢવા સમર્થન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને સહકારી અગ્રણી તેમજ રાષ્ટ્રીય ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ દેશના લોકલાડીલા અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી ટર્મમાં દેશનું સુકાન સંભાળે અને તેમના હાથ મજબૂત કરવા આપણા અમરેલીના સપુત અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા જંગી લીડથી ચૂંટાય અને તે માટે સામુહિક પ્રયાસો કરવા જણાવેલ હતું.

પરશોતમભાઈ રૂપાલાએ સ્નેહમિલનના કાર્યક્રમમાં સૌને શુભકામના પાઠવતા જણાવેલ કે રાજકોટ જિલ્લાના લોકોનો સુખ–દુઃખનો સાથીદાર બનવા આવ્યો છુ. ભાજપના એક કાર્યકર્તા તરકે મને સહકાર આપશો અને અપાવશો. વધુમાં તેઓએ જણાવેલ કે અગાઉ કેન્દ્રમાં કોંગ્રેસની યુપીઆઈ સરકારમાં વિકાસની કોઈ વાત જ ન હતી.જયાર આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રમાં દશ વર્ષ સુશાસન અને પારદર્શક વહીવટ આપીને દેશના વિકાસને એક નવી ઉંચાઈ બક્ષી છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, વિધાનસભાના દંડક કૌશિકભાઈ, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, તેમજ ગીરીશભાઈ ભીમાણી, ચતુરભાઈ સોરઠીયા, ગુણવંતભાઈ ભાદાણી, દિલીપભાઈ પટેલ, કાન્તીભાઈ સોરઠીયા, માવજીભાઈ ગોલ, ડો વી.બી. ભેસદડીયા સહીતના ઉપસ્થિત રહયા હતા.

# વિધાનસભા-૭૧ ના મધ્યસ્થ કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન યોજાયું : માર્ગદર્શન આપતા પરશોતમભાઈ રૂપાલા

### મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, આર.સી. ફળદુ સહીતના અગ્રણીઓએ પ્રાસંગિક ઉદબોધન ધ્વારા પરશોતભાઈ રૂપાલાજીને ઐતિહાસિક જીતથી વિજયી બનાવવા આહવાન કર્યુ



રાજકોટ

ભાજપ દ્વારા શહેરની ચારેય વિધાનસભા મત વિસ્તારમાં સઘન ચૂંટણીલક્ષી કામગીરી અને સંગઠનને વધુ સુદઢ કરી પ્રચાર-પ્રસાર કાર્ય અને લોકસંપર્કને વધુ વેગવંતો બનાવવા વિધાનસભા વાઈઝ કાર્યાલય કાર્યરત કરવામાં આવનાર હોય તે અંતર્ગત વિધાનસભા-૭૧ના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવેલ હતું. આ તકે સ્વાગત પ્રવચન શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ કર્યુ હતું.

આ તકે રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ અંતર્ગત તમને શ્રધ્ધાંજલી અર્પણ કરતા જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે ડો. બાબાસાહેબ આંબેડકરજીને બંધારણમાં બક્ષેલ સામાજિક સમરસતા, નાગરિકોને ન્યાય અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળે તેના માટે અમલવારી કરી છે.

આ તકે પૂર્વ મંત્રી આર.સી. ફળદુએ જણાવેલ કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દશ વર્ષના શાસનકાળમાં દેશ એ વિકાસની હરણફાળ ભરી છે. લોકોની સુખાકારી અને સગવડતામાં વધારો થયો છે.આ તકે પરશોતભાઈ રૂપાલાએ જણાવેલકે ચૂંટણી વ્યવસ્થાના ભાગરૂપે આપણે કાર્યાલયો શરૂ કરવાની પાર્ટીની પધ્ધતી છે. આ લોકસભાની ચૂંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય થાય અને નરેન્દ્રભાઈ મોદી ત્રીજી ટર્મમાં વડાપ્રધાન બને તે માટ કાર્યકર્તાઓને સહિયારો પુરૂષાર્થ કરવા આહવાન કરેલ. ત્યારે આજથી તા. ૭ મી મે મતદાનની તારીખ સુધી સંપૂર્ણ સક્રિયતા દાખવીને તમામ મતદાતાઓને મતદાન મથક સુધી પહોંચવા માટે અને સો ટકા મતદાન થાય તેવા પ્રયાસો કરવા માર્ગદર્શન આપેલ.

આ તકે રૂપાલાજીએ ડો. બાબાસાહેબ આંબેડકરજીને જન્મજયંતિ પ્રસંગે સ્મરાંજલી અર્પી હતી. આ કાર્યક્રમનુંસમગ્ર સંચાલન ડો. પ્રદિપ ડવએ કરેલ. અંતે આભારવિધિ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ કરેલ. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો.ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, જીલ્લા ભાજપ મહામંત્રી હરેશભાઈ હેરમા, નરેન્દ્રસિહ જાડેજા, ગુજરાત મ્યુ.ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, તેમજ લીલબેન જાદવ, મનીષભાઈ રાડીયા, નાગદાનભાઈ ચાવડા, મનહરભાઈ બાબરીયા, રમેશભાઈ લાઠીયા, રમેશભાઈ પાંભર, ચમનભાઈ સીંધવ, વિજયભાઈ કોરાટ, દિનેશ ચાપાણી, શંભુભાઈ પરસાણા, ઘનશ્યામભાઈ હેરભા, જયેશભાઈ બોઘરા, હીતેશ ઢોલરીયા, શંકરગીરી બાપુ, રાકેશગીરી બાપુ, નરેન્દ્રસિંહ જાડેજા(ટીકુભા), ચેતનભાઈ રામાણી, વોર્ડના પ્રમુખ, મહામંત્રી, પ્રભારી, જીલ્લા પંચાયતના સભ્યો, રાજકોટ, લોધીકા, કોટડા સાંગાણી તાલુકા પંચાયતના પ્રમુખો, મહિલા મોરચા સહિત વિવિધ મોરચાના હોદેદારો અને મોટી સંખ્યામાં ગ્રામ્ય, શહેર વિસ્તારના લોકો ઉપસ્થિત રહયા હતા.

# ગોંડલ હાઈ-વે પર ભુણાવાના પાટિયા પાસે ભયંકર અકસ્માત: ક્રેટા ડિવાઈડર ટપી ફોરચ્યુનર પર ખાબકતા ૨ના મોત



રાજકોટ: રાજકોટ-ગોંડલ હાઈ-વે પર ભુણાવાના પાટિયા પાસે આજે સાંજે ક્રેટા કાર ડિવાઈડર કૂદી સામેથી આવતી ફોરચ્યુનર કાર પર ખાબકતાં ક્રેટા કારમાં સવાર શાપરના જમીન-મકાનના બે ધંધાર્થીનાં કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જયારે ફોરચ્યુનર કારમાં સવાર લોકોનો બચાવ થયો હતો. આ ભયંકર અકસ્માતના પગલે થોડો સમય ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાપરમાં પટેલ સમાજની વાડી પાછળ રહેતાં હસમુખભાઈ જગદિશભાઈ કિયાડા (ઉ.વ. ૨૮)ને શાપરમાં ખોડિયાર કાસ્ટીંગ નામનું કારખાનું છે. સાથે જમીન-મકાનનું કામ કરતા હતા. શાપરમાં જ સરકારી શાળા પાસે રહેતાં કિરણભાઈ ખોડાભાઈ સીદપરા (ઉ.વ. ૪૮) ખેતી ઉપરાંત જમીન-મકાનનું કામ કરતા હતા.બંનેને જમીનના એક પ્રકરણમાં ૭/૧૨ નો દાખલો કઢાવવાનો હતો. જેથી આજે સાંજે ક્રેટા કાર લઈ ગોંડલ જઈ રહ્યા હતા. ત્યારે ભુણાવાના પાટિયા પાસે પોલીસના અંદાજ મુજબ ટાયર ફાટતાં સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર ડિવાઈડર ટપી ગોંડલથી રાજકોટ તરફ આવતી ફોરચ્યુનર કાર પર ખાબકતા આ ભયાનક અકસ્માત સર્જાયો હતો.ગંભીર ઈજા પામેલા હસમુખભાઈ અને કિરણભાઈને રાજકોટની સિવિલમાં ખસેડાયા હતા. જયાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા. જાણ થતાં ગોંડલ તાલુકાના પીએસઆઈ રાજેશભાઈ સોલંકી સ્ટાફના માણસો સાથે સ્થળ પર અને સિવીલ દોડી આવ્યા હતા. બંને કાર વચ્ચે થયેલી ભીષણ ટકકરથી ક્રેટા કારનો રીતસર બુકડો બોલી ગયો હતો. જયારે ફોરચ્યુનર કારના બોનેટના ભાગનું પડીકું વળી ગયું હતું. ફોરચ્યુનર કારની એરબેગ ખુલી જતાં અંદર બેઠેલા તમામનો બચાવ થયાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં હનીટ્રેપ: યુવતીએ રાજકોટના યુવકને ફસાવી ૨૫ લાખનું લખાણ કરાવી લીધું, વિંટી કાઢી લીધી!

## ફોન પર સંપર્ક કરી જૂનાગઢ મળવા બોલાવ્યા બાદ આંટીમાં લીધો ,યુવતીના ભાઈ અને માતા હોવાના દાવા કરનારાએ દુષ્કર્મ કેસમાં ફસાવી દેવા ધમકી આપી



જૂનાગઢ: રાજકોટના યુવાનને જૂનાગઢની યુવતીએ ફોન કરી જૂનાગઢ મળવા બોલાવી રૂમમાં લઈ ગઈ હતી. ત્યારે યુવતીના ભાઈ તેમજ તેના મિત્રએ આવી નગ્ન ફોટા પાડી બેટ વડે મારવાનો પ્રયાસ કર્યો હતો અને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવા ધમકી આપી વિટી કાઢી લીધી હતી પછી સમાધાન કરવા ૭ લાખ માંગ્યા હતા. ત્યારબાદ યુવતીની માતા હોવાનો દાવો કરનાર એક મહિલા આવી હતી, તેણે ૨૫ લાખ આપવા પડશે તેમ કહી આ અંગેનું લખાણ કરાવી આધાર કાર્ડ અને ડ્રાઈવિંગ લાયન્સસ બળજબરીથી કઢાવી લીધુ હતું. બાદમાં યુવકને મુક્ત કર્યો હતો. આ અંગે ફરિયાદ થતા બી ડિવિઝન પોલીસે યુવતી, એક મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટના જાગનાથ પ્લોટ વિસ્તારમાં રહેતા અને કન્ટ્રક્શનનું કામ કરતા ધર્મેશ પ્રવિણભાઈ પંડયા(ઉ.વ. ૩૮) તા.૮ના ગુંદાવાડી વિસ્તારમાં સાઈટ પર જતો હતો ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો જે રિસિવ કર્યો ન હતો. થોડીવાર પછી ધર્મેશે આ નંબર પર ફોન કર્યો હતો જેમાં સામેથી મહિલા બોલતી હતી. તેણે ભૂલથી ફોન લાગ્યાનું કહ્યું હતું. તમે કોણ બોલો છો, ક્યાંથી બોલો છો તેમ કહી નામ અને શું કરો છો તેમ પુછ્યું હતું. ધર્મેશે પોતાનું નામ અને ધંધા વિશે કહ્યું હતું. યુવતીએ પોતાનું નામ રૂહી પટેલ હોવાનું અને જૂનાગઢના એક બાઈકના શોરૂમમાં નોકરી કરતી હોવાનું જણાવ્યું હતું. તમને કોઈ પ્રોબ્લેમ ન હોય તો મારી સાથે ફ્રેન્ડશીપ કરો તેમ વાત કરી હતી. સાંજે રૂહીએ વ્હોટસએપ પર મેસેજ કર્યા હતા. તા. ૧૦ના ધર્મેશે રૂહીને ફોન કરતા તેને જૂનાગઢ મળવા આવવાની વાત કરી હતી. શુક્રવારે તેના પરિવારજનો પ્રસંગમાં જવાના છે એવી વાત કરી જૂનાગઢ મળવા આવશો એમ કહ્યું હતું. આથી ધર્મેશે ના પાડી હતી. બાદમાં રૂહીએ મેસેજ કરતા ધર્મેશે જૂનાગઢ મળવા આવવાની હા પાડી હતી. તા. ૧૧ના રૂહીએ ફોન કરી મળવા બોલાવ્યો હતો. ધર્મેશ એસટી બસમાં રાજકોટથી જૂનાગઢ આવ્યો હતો અને મજેવડી દરવાજા નજીક ઉતરતા રૂહી તેને સ્કુટર પર લેવા આવી હતી અને જોષીપરામાં સુભાષનગરમાં લઈ ગઈ હતી. જયાં રૂમમાં લઈ જઈ રૂહીએ ધર્મેશનો શર્ટ કાઢી તેના કપડા કાઢ્યા હતા. ત્યારે બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. જેમાંથી એક શખ્સે કહેલું કે રૂહી મારા મિત્ર સાગરની બહેન છે, મારૂ નામ રવિ છે. જયારે અન્ય એક શખ્સે પોતાનું નામ જયસુખ રબારી હોવાનું કહ્યું હતું. આ દરમ્યાન રૂહીનો ભાઈ સાગર હોવાનો દાવો કરનાર શખ્સ બેટ લઈનેઆવ્યો હતો. સાગરે તે મારી બહેન સાથે શું અજુગતું કર્યું છે તેનું શુટીંગ ઉતારી લીધુ છે, તારા પર દુષ્કર્મનો કેસ થશે, સમાધાન કરવું હોય તો બોલ આથી ધર્મેશે ૧૦,૦૦૦ રૂપીયા આપવાની વાત કરી હતી. ત્યારે રવિએ કહ્યું કે ૭ લાખ આપ તો પુરૂ કરાવી દઈશ. થોડીવાર બાદ એક મોટી ઉંમરની મહિલા આવી હતી તેને તેનું નામ મંજુબેન હિરપરા હોવાનું કહી ૭ લાખમાં સમાધાન ન થાય, ૨૫ લાખ આપવા પડશે તેમ કહી ત્રણેય વિટી કઢાવી લીધી હતી અને ૨૫ લાખ રૂપીયા આપવા અંગેનું લખાણ કરાવી લીધુ હતું. તેમાં ૭ લાખ સોમવારે અને બીજા ત્રણ માસમાં આપવાના રહેશે. બીજા લખાણમાં રૂહી સાથે સબંધ હતો, બંનેના સમાધાન પેટે ૨૫ લાખ કોઈ ધાકધમકી વિના આપું છું આ લખાણનું જયસુખ રબારીએ રેકોર્ડીંગ કર્યું હતું.

# મુંજકામાં કેન્સર પીડિત યુવકનું બેભાન થઈ ગયા બાદ મોત



રાજકોટ:મુંજકામાં રહેતાં યુવકનું કેન્સરથી મોત થતાં પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. પ્રાપ્ત વિગત અનુસાર મુંજકા ગામમાં રહેતાં ૪૦ વર્ષીય ભરતભાઈ રામજીભાઈ જેઠવા ગઈકાલે સવારના પોતાનાં જ ઘરે બીમારી સબબ બેભાન થતાં તરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતકને ચારેક વર્ષથી ગળાનું કેન્સર હતું. તેઓ મિસ્ત્રી કામ કરતાં હતાં. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

**ભગવતીપરામાં ૨૪ વર્ષીય યુવાનનું હાર્ટએટેકથી મોત**

રાજકોટના ભગવતીપરા શિવાજીચોકમાં રહેતા ૨૪ વર્ષીય કમલેશભાઈ બાબુભાઈ પાટીલ નામનો યુવક ગઈકાલે રજા હોવાથી પોતાના ઘરે હતો, ત્યારે અચાનક છાતીમાં દુખાવો થતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામા આવ્યો હતો, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલા યુવાને દમ તોડ્યો હતો. ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી.ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને મૃતદેહને ર્સ્માં ખસેડવામાં આવ્યો હતો. મૃતક બે બહેનોનો એકનો એક ભાઈ હતો. પરિવારના યુવાન પુત્રનું મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# ૩ શખ્સનું કૃત્ય: અગાઉના સમાધાનનો ખાર રાખી ઘર સળગાવ્યું

રાજકોટ:શહેરમાં શેરી-ગલીએ માથાભારે તત્ત્વો છાશવારે હથિયારો સાથે આતંક મચાવી ભયનો માહોલ ફે લાવી રહ્યા છે. ત્યારે વધુ એક બનાવમાં કુબલિયાપરામાં અગાઉ કરાવેલા સમાધાનનો ખાર રાખી ત્રણ શખ્સે ૩ યુવાન પર છરીથી હુમલો કરી ઘર સળગાવતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.કુબલિયાપરા-૫માં રહીને ભંગારની મજૂરી કરતા વિજય રાજેશભાઇ ઉર્ફે રૂડી પરમાર નામના યુવાને તે જ વિસ્તારમાં રહેતા રવિ વિનુ સોલંકી, કરણ ઉર્ફે પેંડો વિનુ સોલંકી, કમો દીપો સોલંકી સામે ફરિયાદ નોંધાવી છે. યુવાનની ફરિયાદ મુજબ, બે દિવસ પહેલા રાત્રીના સાડા અગિયાર વાગ્યાના અરસામાં ઘર પાસે હતો. ત્યારે ઉપરોક્ત આરોપીઓ અને એક અજાણ્યા રિક્ષાચાલક વચ્ચે ઝઘડો થયો હતો. જોરજોરથી બૂમો પાડતા હોય પોતે ત્યાં જઇને બંને પક્ષે સમાધાન કરાવી મામલો થાળે પાડ્યો હતો. દરમિયાન ગત મોડી રાતે ઘર પાસે ભાઇ યોગેશ અને અજિત સાથે બેઠા હતા. ત્યારે રવિ, કરણ ઉર્ફે પેંડો, કમો પોતાની પાસે આવ્યા હતા. અને તું આપણા લતાનો સરપંચ છો, ગમે તે વાતમાં સમાધાન કરાવે છે તેમ કહી ગાળો ભાંડી માર મારવા લાગ્યા હતા. ભાઇ અજિતને કમાએ છરીનો પીઠના ભાગે ઘા ઝીંકી દીધો હતો. જેથી તે ત્યાંથી ભાગી ગયો હતો. જ્યારે યોગેશ પોતાને બચાવવા વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. વધુ મારથી બચવા બંને ત્યાંથી ભાગી જતા કમો, કરણ ઉર્ફે પેંડાએ પોતાના ઘર કોઇ જ્વલનશીલ પ્રવાહી રેડી ઘર સળગાવી નાસી ગયા હતા. ઘરમાં આગ લગાડ્યાની ખબર પડતા તુરંત ઘરે દોડી ગયા હતા. ફાયર બ્રિગેડ તેમજ પોલીસને જાણ કરી હતી. આગને કારણે ઘરની તમામ ચીજવસ્તુઓ ખાક થઇ જતા પાંચેક હજારનું નુકસાન થયું છે. સામા પક્ષે કરણ ઉર્ફે પેંડાએ વિજય, તેના ત્રણ ભાઇ યોગેશ, ટેબો અને ઓજરા સામે છરીથી હુમલો કરી ઈજા કર્યાની વળતી ફરિયાદ નોંધાવી છે. બનાવને પગલે દોડી આવેલા થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એન.આર.ડોબરિયાએ બન્ને પક્ષોની ફરિયાદ નોંધી આરોપીઓની ધરપકડની કાર્યવાહી કરી છે.

# બહુચર્ચિત તોડકાંડમાં સસ્પેન્ડેડ સીપીઆઇ તરલ ભટ્ટની જામીન અરજી ફરી રદ



જૂનાગઢ: ફ્રીઝ કરેલા બેંક ખાતા અનફ્રીઝ કરવાના બદલામાં પૈસા માંગી તોડ કરવાના કેસમાં સસ્પેન્ડેડ સીપીઆઇ તરલ ભટ્ટે જામીન અરજી કરી હતી. જેની આજે સુનાવણી થઈ હતી. જેમાં ન્યાયના હિતમાં જામીન આપવા ઉચિત ન જણાતા સેશન્સ જજે તરલ ભટ્ટની જામીન અરજી રદ કરવા હુકમ કર્યો હતો.જૂનાગઢ એસઓજી દ્વારા ક્રિકેટ સટા અને ઓનલાઈન ગેમ્સ રમતા લોકોના ખાતા ફ્રીઝ કરી તેને અનફ્રીઝ કરવાના બદલામાં ખાતામાં જમા રકમના ૫૦ ટકા રકમ લાંચ પેટે માંગવા મામલે એસ.ઓ.જી. પી.આઈ. એ.એમ. ગોહિલ, એ.એસ.આઈ. દિપક જાની અને માણાવદર સીપીઆઇ તરલ ભટ્ટ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગેની તપાસ એટીએસ દ્વારા કરવામાં આવી હતી.તપાસ દરમ્યાન ફોર્જરીની કલમ દૂર કરી પુરાવાના નાશ કરવાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો અને ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭અને ૧૨ અને કલમ ૯ અન્વયે નોન કોગ્નિઝેબલ ગુના છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમમાં કઈ કલમ જામીન લાયક છે કે કેમ તેનો ઉલ્લેખ નથી પરંતુ આવો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય ત્યારે ક્રિમિનલ પ્રો. કોડના શેડયુલમાં છેલ્લે કેટલી સજા હોય તે પોલીસ અધિકાર, જમીન કે કઈ કોર્ટથી ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તે સૂચિ પ્રકરણ ૨૩માં છે. ભ્રષ્ટાચાર અધિનિયમની કલમ ૭-૧૨માં મહત્તમ સજાની જોગવાઈ સાત વર્ષ છે. આ ગુનો બિનજામીનલાયક હોવાથી સેશન્સ જજ એચ.એ. દવેએ બંને પક્ષની દલીલોને ધ્યાને લઈ તરલ ભટ્ટની જામીન અરજી રદ કરવા હુકમ કર્યો હતો. આથી તરલ ભટ્ટે હજુ જેલમાં જ દિવસો કાઢવા પડશે.

# અમરનાથ-બાબા બર્ફાનીની યાત્રાનું રજિસ્ટ્રેશન શરૂ: નોંધણી કરાવવા લાઈનો લાગી



રાજકોટ:આગામી ૨૯ જુનથી અમરનાથ યાત્રાનો પ્રારંભ કરવામાં આવનાર છે. જેને લઈને સરકાર દ્વારા આજથી નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે રાજકોટમાં પણ આજે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં બાબાનાં દર્શન કરવા ઈચ્છતા લોકોએ સવારથી લાંબી લાઈનો લગાવી હતી. જેમાં પુરુષોની સાથે-સાથે મહિલાઓ પણ જોવા મળી હતી. આ તકે ભક્તોએ જણાવ્યું હતું કે, અમરનાથ મહાદેવનાં દર્શન કરવાથી અલૌકિક શાંતિ મળે છે.વર્ષોથી અમરનાથ યાત્રા કરતા માધવ પંડ્યાએ જણાવ્યું હતું કે, અમરનાથ યાત્રા માટે આજથી રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટની યસ બેંક ઉપરાંત પંજાબ નેશનલ બેંક ખાતે રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. આ રજિસ્ટ્રેશન કરાવવા માટે મોડી રાતથી મોટી સંખ્યામાં લોકો અહીં યસ બેંકે આવી પહોંચ્યા છે. સાઈન બોર્ડનાં નિયમ અનુસાર રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. હું આ વખતે ૨૫મી વખત દાદાનાં દર્શન માટે જઈ રહ્યો છું. દર વર્ષે દાદા અમને બોલાવે છે એ અમારો લ્હાવો છે. અમરનાથ દાદાનાં દર્શન કરવાથી એક અલૌકિક શાંતિ મળે છે. આ યાત્રામાં ઘણીવાર નાની કે મોટી મુશ્કેલીઓ આવે છે, પણ દાદાનાં આશીર્વાદથી ભક્તો તમામ મુશ્કેલીઓ પાર કરી લેતા હોય છે.દેવેન્દ્રભાઈ કામળિયાએ જણાવ્યું હતું કે, હું ૧૯૯૮થી દર વર્ષે બાબા અમરનાથનાં દર્શન માટે જાવ છું. તેમજ મારી સાથે દર વર્ષે ૧૫-૨૦ નવા યાત્રિકો આવતા હોય છે. તેઓને તમામ જરૂરી માર્ગદર્શન પણ આપું છું. યાત્રામાં અનેકવાર કુદરતી આફતો સહિતની અડચણો આવતી હોય છે. તેમજ ઘણીવાર લાંબા સમય સુધી રસ્તાઓ બંધ રહેતા હોય છે, પણ દાદા બધાને દર્શન આપે જ છે. આ યાત્રા પૂર્ણ કરી અમરનાથ મહાદેવનાં દર્શન કરવાથી પાવન થઈ જવાય છે. લોકો ભોળાનાથ સમક્ષ હૃદય ખોલીને રડી પડતા હોવાનું પણ જોવા મળે છે.

# એક જ દિવસમાં ક્ષત્રિય એકતામાં ભંગાણ! કમિટી અમદાવાદ બેસે, અહીં દંડા અમે ખાઈએ: પદ્મિનીબા

## બીજી તરફ ક્ષત્રિય સમાજમાંથી તેમના વિરોધમાં મેસેજ વહેતા થયા,પદ્મિનીબાએ ઓડિયોમાં કહ્યું પાર્ટ-૨ની રાહ શું કામ? ફોર્મ ભરતી વખતે વિરોધ ન કરો તો મહાસંમેલન નિરર્થક



રાજકોટ:રાજકોટમાં રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે રવિવારે મહાસંમેલન યોજી રાજપૂત સમાજે પોતાની તાકાત બતાવી છે. તેના બીજા જ દિવસે આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલા રાજકોટના પદ્મિનીબા વાળાએ મહાસંમેલનને નિરર્થક બતાવી કોર કમિટી સામે સવાલ ઉઠાવતો ઓડિયો ફરતો કર્યો હતો. જોકે આ ઓડિયો ફરતો થતાં જ ક્ષત્રિય સમાજના લોકોએ સોશિયલ મીડિયામાં પદ્મિનીબા સામે આક્રોશ ઠાલવ્યો હતો અને પોતાને સમાજ કરતા વધુ મહાન સમજી પદ્મિનીબા સ્વપ્રતિષ્ઠા માટે ખેલ પાડી રહ્યાના મેસેજ ફરતા થયા હતા.રાજકોટના રતનપરમાં યાજાયેલા ક્ષત્રિય મહાસંમેલનમાં ૪ લાખની જનમેદની એકઠી થઇ હતી અને રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો તા.૧૯મીએ આંદોલનનો પાર્ટ-૨ શરૂ થશે તેવો સૂર આંદોલનની કોર કમિટીએ વ્યક્ત કર્યો હતો. સોમવારે એક ઓડિયો ફરતો થયો હતો જેમાં પદ્મિનીબાએ એવા સવાલ ઉઠાવ્યા હતા કે, આંદોલનમાં આવેલા ક્ષત્રિયો આશા લઇને આવ્યા હતા કે, સ્ટેજ પરથી કોઇ જાહેરાત થશે પરંતુ માત્ર પ્રવચનો થયા હતા, અને પ્રવચનથી જીત કેવી રીતે મેળવી શકાશે. તા.૧૬ના રૂપાલા ફોર્મ ભરવાના છે ત્યારે ત્યાં જઇને તેનો વિરોધ કરવો જોઇએ, પરંતુ કોર કમિટી ૧૯મી સુધી રાહ જોવાનું કહી રહી છે, તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, કોર કમિટીના સભ્યો અમદાવાદ રહે છે જ્યારે રાજકોટમાં દંડા અમારે ખાવા પડે છે અને જેલમાં અમારે જવું પડે છે. રૂપાલાના ફોર્મ ભરતી વખતે વિરોધ નહીં કરવાને તેમણે ષડ્યંત્ર ગણાવ્યું હતું. જ્યારે અમદાવાદના ગીતાબા પરમારે ઓડિયોમાં કોર કમિટીને ભાજપની બી ટીમ ગણાવી ગંભીર આક્ષેપો કર્યા હતા.પદ્મિનીબાનો ઓડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો તે સાથે જ સોશિયલ મીડિયામાં પદ્મિનીબા વાળાનો વિરોધ શરૂ થયો હતો અને તેમની સામે આકરા મેસેજનો

**અમદાવાદના ગીતાબા પરમારે કોર કમિટીને ભાજપની બી ટીમ ગણાવી**

મારો થયો હતો. મેસેજમાં એવો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, ૭૫ વર્ષના ઇતિહાસમાં ક્ષત્રિય સમાજ પ્રથમ વખત એક મંચ પર આવ્યો છે અને સંકલન સમિતી થકી આગળ વધી રહ્યો છે ત્યારે પદ્મિનીબા પોતાને ચર્ચામાં રાખવા છાશવારે ઓડિયો-વીડિયો બનાવી પબ્લિસિટી સ્ટંટ કરી રહ્યા છે. પદ્મિનીબાને આંદોલનને લઇને કોઇ શંકા હોય તો તેમણે કોર કમિટી અને સમાજના આગેવાનો સાથે બેસી તેનો ઉકેલ લાવવો જોઇએ, ઓડિયો ફરતો કરી સમાજને બદનામ કરવાનો ખેલ યોગ્ય નથી.

# મુસાફરોના મોબાઈલ રોકડ સેરવતી રિક્ષા ગેંગ પકડાઈ



રાજકોટ: શહેરમાં એકલદોકલ મુસાફરોને રિક્ષામાં બેસાડ્યા બાદ યેનકેન પ્રકારે મોબાઈલ, રોકડ સહિતની કિંમતી વસ્તુઓ સેરવતી વધુ એક રિક્ષા ગેંગ સકંજામાં સપડાઈ છે. રિક્ષામાં બેસાડી મોબાઈલ સેરવતી ટોળકીના બે સાગરીત રિક્ષા સાથે સામાકાંઠા વિસ્તારમાં હોવાની બાતમીના આધારે બી ડિવિઝન પોલીસ માહિતીના સ્થળે દોડી ગઈ હતી અને રતનપર ગામના સંજય ઉર્ફે ભૂરો શંકરલાલ રાજાણી અને સાત હનુમાન મંદિર પાસે રહેતા રમેશ છગન સરવૈયાને પકડી પાડ્યા હતા. બંનેની તલાશી દરમિયાન તેમની પાસેથી આઠ મોબાઈલ મળી આવ્યા હતા.મોબાઈલ મુદ્દે સરખો જવાબ નહિ આપતા બંનેની રિક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૧.૨૦ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી આકરી પૂછપરછ કરી હતી. આકરી પૂછપરછમાં બંને એકલદોકલ મુસાફરને રિક્ષામાં બેસાડી ધક્કામુક્કી કરીને નજર ચૂકવી મોબાઈલ સેરવી લેતા હોવાની કબૂલાત આપી છે. જયારે બેલડીએ વધુ ચોરી કરી છે કે કેમ તે અંગે પોલીસે વિશેષ પૂછપરછ હાથ ધરી છે.

# રેલનગરમાં સાસુ-વહુએ ફિનાઈલ ગટગટાવી લીધું

રાજકોટ: રેલનગરના પ્રમુખ સ્વામી દર્શન પાર્કમાં રહેતા અંજલિબેન અમિતભાઇ પાલ (ઉ.વ.૨૨) અને સીમાબેન રાજુભાઇ પાલ (ઉ.વ.૪૭)ને સોમવારે સવારે સાતેક વાગ્યે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંનેએ ફિનાઇલ પીધાનું હોસ્પિટલ પોલીસ ચોકીના દફતરે જણાવવામાં આવ્યું હતું. સાસુ વહુના સજોડે આપઘાતના પ્રયાસની જાણ થતાં પ્ર.નગર પોલીસ હોસ્પિટલે પહોંચી હતી. જોકે પોલીસ પહોંચે તે પૂર્વે બંને હોસ્પિટલમાંથી રજા લઈને રવાના થઇ ગયા હતા. જેથી પોલીસ બંનેનું નિવેદન નોંધી શકી નહોતી. પોલીસે જણાવ્યું હતું કે, અંજલિબેનના બે મહિના પૂર્વે જ અમી પાલ સાથે લગ્ન થયા છે અને સાસુ-વહુ ભૂલથી ફિનાઇલ પી ગયાનું હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફ સમક્ષ કહેવામાં આવ્યું હતું.

# પરિણીતાને ત્રાસ:રહેવું હોય તો રહે, તારા જેવી તો બીજી ઘણી મળી જશે

ગોંડલ:ગોંડલના સાણથલી ગામે રહેતી અને રાણસીકી ગામે માવતર ધરાવતી કાજલબેન હિતેષભાઈ મકવણા દ્વારા સાસરીયાઓ વિરૂદ્ધ શારીરિક માનસિક ત્રાસ તેમજ દહેજ માંગવા બાબતની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. કાજલબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમનાં પુનઃ લગ્ન સાણથલી ગામે હિતેશ બાબુભાઈ મકવાણા ખાતે થયા હતા અને હાલ તેઓ પ્રેગન છે લગ્નની શરૂઆતના દસ પંદર દિવસ સારી રીતે રાખ્યા બાદ કામકાજ બાબતે સસરા બાબુભાઈ ચનાભાઈ મકવાણા, સાસુ હંસાબેન, જેઠ અનિલભાઈ, જેઠાણી જયોતનાબેન શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા અને સાસરિયાઓ દ્વારા ૧,૦૦,૦૦૦ના દહેજની માંગ પણ કરવામાં આવી હતી તેમજ પતિ કહેતા હતા કે હું ડીડીટી પીને મરી જઈશ અને તારા આખા ઘરનું નામ લખાવતો જઈશ. તારે રહેવું હોય તો રહે તારા જેવી ઘણી છોકરીઓ મળી જશે, આવી રીતે સાસરિયાંઓ ત્રાસ આપતા હોય પરિણીતાની ફરિયાદ કરશે પોલીસે દહેજ ધારા કલમ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી

**કાર ઠોકરે બાઈકસવાર દંપતીને ઈજા**

ગોંડલ નેશનલ હાઈવે ફરી એક વાર રક્તરંજિત બન્યો છે. શહેરના નવા યાર્ડ પાસે બાઈકને ઈકો કારના ચાલકે અડફેટે લેતા દંપતી ઘવાયું હતું. બન્નેને તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર આપી વધુ સારવાર માટે શહેરની સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા. વધુ તપાસ તાલુકા પોલીસ ચલાવી રહી છે. ગોંડલ તાલુકાના ચરખડી ગામે ખેત મજૂરી કામ કરતાં પપ્પુભાઈ મજાલદા તેમજ તેના પત્ની કાજલબેન ચરખડી થી રાજકોટ બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે ગોંડલ નવા માર્કેટયાર્ડ પાસે ઈકો કાર ચાલકે અડફેટ લેતા સર્જાયેલા અકસ્માતમાં દંપતી ઘવાતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર આપી વધુ સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા કારચાલક માનવતા નેવે મૂકી નાશી છૂટ્યો હતો બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી. અકસ્માતના પગલે યાર્ડ નજીક ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો

# રાજકોટ: પ્રોહીબીશનના ગુન્હામાં પકડાયેલા ઈસમને પાસામાં ધકેલાયો : જેલહવાલે



રાજકોટ, કોટડા સાંગાણી તાલુકાના મુળ હડમતાળા તા.કોટડા સાંગાણી હાલ ગોંડલ ગામે રહેતો અને અવારનવાર ઈંગ્લિશ દારુના કેશોમા પકડાયેલ દિવ્યરાજસિંહ ધનશ્યામસિંહ જાડેજા જાતે ક્ષત્રીય ઉ.વ.૩૪ રહે. હાલ ગોંડલ ગુરુ બગીચાની સામે તા.ગોંડલ મુળ હડમતાળા તા.કોટડા સાંગાણી જી.રાજકોટ વાળાની ગેરકાયદેસરની પ્રવુતી અકુંસ લેવા સારુ મજકુર વીરૂધ્ધ પાસાના કાયદા હેઠળ દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજી.સા. રાજકોટની કચેરી મોકલી આપતા પ્રભવ જોષી સાહેબ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટનાઓ મજકુર ઈસમ અટકાયતમા લઇ વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવાનો હુકમ કરતા જયપાલસિંહ રાઠોડ સાહેબ પોલ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય તથા કે.જી.ઝાલા સાહેબ ના.પો.અધિ. ગોંડલનાઓની તેમજ વી.વી. ઓડેદરા સા પો.ઈન્સ. એલ.સી.બી. આર.આર. નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ કોટડા સાંગાણી પો.સ્ટે. પોલીસ સબ ઈ આઇ.ડી.જાડેજા તથા પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા આ પાસાની હુકમની બજવણી કરી મજકુર ઈસમને પાસા હે અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.